કિં. ₹૨૦/-
પાના નં.૧

જુન - જુલાઈ
૨૦૨૨

સળંગ અંક: ૯૬
વર્ષ : ૧૮

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
શ્રેષ્ઠાનિ વિદ્યા દાનાનિ સર્વદા

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા મેડિકલ સહાયતા ફંડ

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની




જ્ઞાતિસેતુ મુખપૃષ્ઠ ડિઝાઈન સ્પર્ધા ...૧૧ | વ્યવહારિક મનોવિજ્ઞાન ...૨૦ | તમે કેવા? દુઃખહર્તા કે સુખકર્તા ?...૨૭ | યુવા પ્રતિભા, ...૩૨

## अनमोल ज्वेलर्स एवं रत्न केन्द्र

कौशिक के. कट्टा
जितेश (राजु) के. कट्टा

सभी राशियों के रत्नों व उपरत्न के थोक एवं चिल्हर विक्रेता



श्याम टाकिज़ रोड,
संगीत विद्यालय के सामने,
बुढापारा, रायपुर-492001 छ.ग.
दूरभाष : 0771 223 5657
मो. : 94790 35657, 9827176512
Email : anmolkk9@gmail.com • www.anmolratna.net

## ડૉ શૈલેશ એચ. બારમેડા
M.S. F.M.A.S.

## બારમેડા સર્જીકલ હોસ્પિટલ

(જનરલ સર્જરી, લેપ્રોસ્કાપી, એન્ડોસ્કોપી તથા કોલોનોસ્કોપી
www.barmedasurgery.com I Email: dr.shabarmeda@rediffmail.com
હિરાપન્ના કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, બસ સ્ટેશન રાડ, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ ૦૨૮૫-૨૬૩૧૨૧૩, મોબાઈલ ૯૮૨૪૫૦૧૧૪૦

## PrabhuKrupa Jewellers

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

## વૈશાલી જ્વેલર્સ

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

## Ketan Enterprise

TYRE | BATTERY | ALLOY WHEEL



MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JK TYRE TOTAL CONTROL

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલઃ ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોનઃ ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘરઃ ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

## Ashok Kumar & Sons JEWELLERS

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com



## કંસારા નવનીતલાલ જગજીવનદાસ

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

## GAYATRI JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૮ ● સળંગ અંક : ૯૬
જુન / જુલાઈ – ૨૦૨૨

**ચેરમેન**
મનુભાઇ કોટડિયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ૭૬૩૬૬

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

**સંપાદક મંડળ**
**મહિલા અને બાળ વિભાગ :**
શ્રીમતી લતાબેન સોલંકી ૯૭૨૫૩ ૨૦૪૪૪
**શિક્ષણ અને વ્યવસાય વિભાગ :**
પ્રો. રસીક મહીચ્છા ૯૪૨૮૭ ૪૮૨૪૮
**કલા અને સાહિત્ય વિભાગ :**
પ્રો. જીનલ પરમાર ૯૯૧૩૩ ૩૯૯૦૧

**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬


**જ્ઞાતિ પ્રમુખ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**માનદ્ સહયોગી**
**અમદાવાદ** નીલેશભાઈ પોમલ
**ભુજ** સુરેશ બીજલાણી
સુધાબેન બુધ્ધભટ્ટી
**જુનાગઢ** ડૉ. શૈલેષ બારમેડા
**અંજાર** અનિલ એસ. સોની
**માધાપર** હિતેશ સોની
**સાબરકાંઠા** દિનેશભાઈ સોની
**નખત્રાણા** પ્રફુલભાઈ કંસારા
**આદિપુર** સુનીલ સોલંકી
**ગાંધીધામ** કિશોર સોલંકી
**માંડવી** વિનોદભાઈ હેડાઉ

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫, સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
વેબ સાઈટ : www.gnyatisetu.com
ઈ-મેલ : gnyatisetu@gmail.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત માહિતી અને રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



ગત અંકમાં આપણા સમાજના પારિવારીક સામયિક 'સેતુ'ના બે મહત્ત્વના આધાર સ્તંભોનો ઉલ્લેખ કર્યો હતો. આ અંકમાં એક અન્ય મહત્ત્વપૂર્ણ સ્તંભનો 'સંકેત' પ્રસ્તુત છે.


'સેતુ'ના પ્રારંભથી અત્યાર સુધીના બધા જ અંકોમાં, એમના યોગદાનનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. સાધારણ રીતે કોઈ પણ વસ્તુના ત્રણ આયામ – Dimension ગણાય. પરંતુ 'સેતુ'ના આ સહયોગીના યોગદાનનું ચોથું આયામ પણ છે અને આ આયામ છે એમની સામયિકમાં પ્રસ્તુત સામગ્રી અવલોકનની ચીવટ. તેઓશ્રી સેતુના પ્રત્યેક અંકમાં સમય (ઋતુ પ્રસંગ, પ્રયોજન) ઉપરાંત પ્રસ્તાવિત પ્રકાશન સામગ્રીના 'હાર્દ'નું સજાવટપૂર્ણ, રસપ્રદ 'પ્રથમ દર્શન' કરાવે છે. એમના 'યોગદાન'થી સુપરીચિત સુજ્ઞ વાચકો એમનું એટલે કે શ્રી જયેશભાઈ ઘડીયાળીનું નામ અવશ્ય જાણતા જ હશે.

આપણો સમાજ હંમેશાં કલાસાધક રહેલ છે. વંશપરંપરાગત કલા કસબ ઉપરાંત કલાના દરેક ક્ષેત્રમાં સમાજના કલાકારો પોતાનું કૌવત દર્શાવિતા રહે છે. 'જ્ઞાતિસેતુ'નો આગામી દીપોત્સવી વિશેષાંક સમાજના કલા સાધકોને સમર્પિત છે. સમાજના કલાકારો તેમની કૃતિઓ વિશેની માહિતી પોતાના પરિચય સાથે મોકલશે તો સેતુ સગર્વ પ્રકાશિત કરશે.

ઉપરાંત 'સેતુ'ની આગવી પહેલ રૂપે આ વિશેષાંકના મુખપૃષ્ઠ પર સમાજના કલાકારનું ચિત્ર આવે તે હેતુ 'જ્ઞાતિસેતુ' મુખપૃષ્ઠ ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેની વધુ વિગત આ અંકમાં પાના નં. ૧૧ ઉપર આપવામાં આવેલ છે.

**– હંસરાજ કંસારા**

# સત્સંગ



## ગીતા શ્લોકો સાથે સાર – (૬)

પ્રેષક : તુલસીદાસ કંસારા

### અધ્યાય-૫

### કર્મ – સંન્યાસ – યોગ

આ પાંચમાં અધ્યાયમાં કર્મયોગ - નિષ્ઠા અને સાંખ્યયોગ - નિષ્ઠાનું વર્ણન છે. સાંખ્યયોગનો પર્યાયવાદી શબ્દ સંન્યાસ છે. તેથી આ અધ્યાયનું નામ કર્મ – સંન્યાસ – યોગ રાખવામાં આવેલ છે. કર્મ – સંન્યાસ = સાંખ્યયોગ અથવા જ્ઞાનયોગ. બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણ દર્શાવ્યા છે, જ્યારે આ પાંચમા અધ્યાયમાં જીવનમુક્ત એટલે કે જીવિત અવસ્થામાં જ મુક્ત થવું, તે પછી યોગી હોય કે સંન્યાસી હોય. જીવન મુક્તિના કેટલાક લક્ષણો યોગીને અનુકૂળ હશે, કેટલાક સંન્યાસીને. નીચે આપેલ શ્લોકોનો સારાંશ આ પ્રમાણે છે.

૧ – ૬ શ્લોકોમાં સાંખ્યયોગ અને કર્મયોગનો નિર્ણય છે.

૭ – ૧૨માં સાંખ્યયોગી અને કર્મયોગીનાં લક્ષણો તથા તેમનો મહિમા દર્શાવવામાં આવેલ છે, જ્યારે

૧૩ – ૨૬માં જ્ઞાનયોગનો વિષય લેવામાં આવેલ છે અને

૨૭ – ૨૯માં ભક્તિ સહિત જ્ઞાનયોગનું વર્ણન છે.

***અર્જુન ઉવાચ :***

*સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ,*
*યચ્છ્રેય તયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ॥ ૧ ॥*

***અર્જુને કહ્યું :*** હે કૃષ્ણ! આપ એક તરફ કર્મના ત્યાગના વખાણ કરો છો અને બીજી તરફ કર્મયોગના વખાણ કરો છો. તો એ બેમાંથી જે કલ્યાણકારી હોય તે મને કહો.

***શ્રી ભગવાન ઉવાચ :***

*સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ,*
*તયોસ્તુ કર્મસંન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે ॥ ૨ ॥*

*જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ,*
*નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥ ૩ ॥*

*સાંખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદન્તિ ન પણ્ડિતાઃ,*
*એકમપ્યાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ્ ॥ ૪ ॥*

*યત્સાખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે,*
*એકં સાંખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥ ૫ ॥*

*સંનાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુમયોગતઃ,*
*યોગયુક્તો મુનિર્બ્રહ્મ નચિરેણાધિગચ્છતિ ॥ ૬ ॥*

***શ્રી ભગવાન બોલ્યા :***

કર્મોનો ત્યાગ અને કર્મયોગ બંને કલ્યાણકારક છે. પરંતુ એ બંનેમાં કર્મોના ત્યાગથી કર્મયોગ શ્રેષ્ઠ છે. હે મહાબાહો! જે કોઇનો દ્વેષ કરતો નથી, જે કોઇ અભિલાષા રાખતો નથી, તેને નિત્ય સંન્યાસી જાણવો. આવો રાગ દ્વેષ વિનાનો મનુષ્ય દ્વંદ્વરહિત બની સંસાર બંધનમાંથી સુખપૂર્વક મુક્ત થાય છે. સંન્યાસ અને કર્મયોગ ફળની દૃષ્ટિએ અલગ અલગ છે એમ અજ્ઞાનીઓ માને છે. પરંતુ જ્ઞાનીઓ એમ કહેતા નથી. બંનેમાંથી એકનું પણ ઉત્તમ રીતે અનુષ્ઠાન કરનાર બંનેના ફળને પ્રાપ્ત કરે છે. જે મોક્ષપદ જ્ઞાનયોગ દ્વારા પ્રાપ્ત થઇ શકે છે, તે જ પદ નિષ્કામ કર્મયોગ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે. એ માટે જ સાંખ્ય તથા કર્મયોગને જે સમજે છે તે સાચો જ્ઞાની છે. હે મહાબાહો! કર્મયોગના અનુષ્ટાન વગર સંન્યાસ પ્રાપ્ત કરવો કઠિન છે. જ્યારે કર્મયોગી મુનિ જલ્દીથી સંન્યાસ પ્રાપ્ત કરી બ્રહ્મને પામે છે.

*યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેન્દ્રિયઃ,*
*સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ॥ ૭ ॥*

*નૈવ કિંચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્,*
*પશ્યન્ શ્રૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપન્ શ્વસન્ ॥ ૮ ॥*

*પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ,*
*ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઈતિ ધારયન્ ॥ ૯ ॥*

*બ્રહ્મણ્યાધાય કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ,*
*લિપ્યતે ન સ પાપને પદ્મપત્રવિવામ્ભસા ॥ ૧૦ ॥*

*કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ,*
*યોગિનઃ કર્મ કુર્વન્તિ સઙ્ગં ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥ ૧૧ ॥*

*યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્,*
*અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે ॥ ૧૨ ॥*

કર્મયોગના આચરણથી જેનું મન અંતઃકરણ શુદ્ધ થઇ ગયું છે, જે મનને વશ કરનારો, ઇન્દ્રિયોને જીતનારો છે અને જેનો આત્મા સર્વ ભૂતોનો આત્મા બની ગયો છે, તે મનુષ્ય કર્મો કરે છે છતાં તેનાથી લેપાતો નથી. યોગયુક્ત બનેલો તત્ત્વજ્ઞાની પોતે જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, ખાતાં, પીતાં, ચાલતાં, નિંદ્રા લેતાં, શ્વાસોશ્વાસ લેતાં, બોલતાં, ત્યાગ કરતાં, ગ્રહણ કરતાં, આંખ ઉઘડતાં - મીંચતાં હોવા છતાં, ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં પ્રવૃત્ત થાય છે એમ સમજીને હું કંઈ કરતો નથી એમ નિશ્ચયપૂર્વક માને છે. જે મનુષ્ય ફળની ઇચ્છાનો ત્યાગ કરી સર્વ ફળ બ્રહ્માર્પણ બુદ્ધિથી કરે છે, એ કમળપત્ર જેમ પાણીમાં રહેવા છતાં ભીંજાતું

નથી, તેમ પાપ વડે લેપાતો નથી. યોગીઓ માત્ર મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોથી ફળની આસક્તિ છોડી દઈ આત્માની શુદ્ધિ માટે કર્મો કરે છે. કર્મયોગી મનુષ્ય કર્મફળને ત્યજીને સત્વશુદ્ધિના ક્રમથી થયેલી સાંતિને પ્રાપ્ત કરે છે. જ્યારે સકામ મનુષ્ય કામના વડે ફળની આસક્તિ રાખી બંધનમાં પડે છે.

*સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી,*
*નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન્ ॥ ૧૩ ॥*

*ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ,*
*ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥ ૧૪ ॥*

*નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ*
*અજ્ઞાનેનાવૃત્તં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥ ૧૫ ॥*

*જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ*
*તેષામાદિત્વજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥ ૧૬ ॥*

*તદ્બુદ્ધયસ્તદાત્માનસ્તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ*
*ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥ ૧૭ ॥*

દેહને વશ કરનારો મનુષ્ય સર્વ કર્મોને માનસિક રીતે ત્યાગીને નવ દરવાજાવાળા નગરમાં સુખપૂર્વક રહે છે. તે કંઇ જ કરતો નથી અને કરાવતો નથી. આત્મા દેહાદિકના કર્તાપણાને ઉત્પન્ન કરતો નથી, કર્મોને ઉત્પન્ન કરતો નથી કે કર્મફળના સંયોગને ઉત્પન્ન કરતો નથી. પરંતુ તે અવિદ્યારૂપ માયાનો જ સર્વ ખેલ છે. પરમેશ્વર કોઇનાં પાપ કે પુણ્યને પોતાના શિરે વહોરી લેતા નથી, પરંતુ જ્ઞાન અજ્ઞાન વડે ઢંકાયેલું છે. તેને લીધે સર્વ જીવો મોહ પામે છે. વળી જેમનું એ અજ્ઞાન આત્માના જ્ઞાન વડે નાશ પામેલું છે, તેમનું તે જ્ઞાન સૂર્યની જેમ પરબ્રહ્મને પ્રકાશિત કરે છે. તે પરબ્રહ્મમાં જ જેમની બુદ્ધિ સ્થિત થઇ છે તે બ્રહ્મ જ તેમનો આત્મા છે. તેમનામાં જ તેમની સંપૂર્ણ નિષ્ઠા છે. તેઓ તેમના જ પરાયણ બની જાય છે. જ્ઞાન વડે જેમનાં પાપકર્મો નાશ પામે છે તેઓ જન્મ મરણના ચક્કરમાં પડતા નથી.

*વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ,*
*શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥ ૧૮ ॥*

*ઈહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ,*
*નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥ ૧૯ ॥*

*ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્,*
*સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્બ્રહ્મણિ સ્થિતઃ ॥ ૨૦ ॥*

*બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્,*
*સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ॥ ૨૧ ॥*

*યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે,*
*આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥ ૨૨ ॥*

*શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્શરીરવિમોક્ષણાત્*
*કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥ ૨૩ ॥*

જે જ્ઞાનીજન વિદ્યા અને વિનય આદિના ગુણોવાળા છે તે પંડિત, બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો, ચંડાળ વગેરે સર્વમાં સમાન દૃષ્ટિવાળા હોય છે. જેમનું મન સમત્વ (પરમાત્મા)માં રહ્યું છે તે સમદર્શી મનુષ્યે આ જન્મમાં જ સંસારને જીતી લીધો છે કારણકે બ્રહ્મ દોષથી રહિત અને સમાન હોવાથી એ મનુષ્ય બ્રહ્મમાં સ્થિત રહે છે. જેની બુદ્ધિ સ્થિર થયેલી છે, જેનું અજ્ઞાન નાશ પામ્યું છે અને જે બ્રહ્મમાં સ્થિર થયો છે એવો બ્રહ્મવેત્તા મનુષ્ય તે પ્રિય પદાર્થો મેળવીને હર્ષ પામતો નથી અને અપ્રિય પદાર્થો પામીને દુઃખી થતો નથી. ઇન્દ્રિયોના સ્પર્શથી ઉત્પન્ન થનાર સુકોમાં આસક્તિ રહિત ચિત્તવાળો મનુષ્ય આત્મામાં રહેલા સુખને પામે છે. એવો પરબ્રહ્મ સ્વરૂપ પ્રાપ્ત થયેલો મનુષ્ય અક્ષય સુખનો અનુભવ કરે છે. હે કાંન્તેય! ઇન્દ્રિયો અને વિષયોના સ્પર્શથી ઉત્પન્ન થયેલા જે ભોગો છે, તે સર્વ ઉત્પત્તિ અને નાશને વશ હોવાથી દુઃખના કારણરૂપ છે. એટલા માટે જ જ્ઞાનીજનો તેમાં પ્રીતિ રાખતા નથી. શરીરનો નાશ થવા પહેલાં જે મનુષ્ય કામ અને ક્રોધથી ઉત્પન્ન થયેલા વેગને સહન કરી શકે છે તે મનુષ્ય આ લોકમાં યોગી છે અને તે સાચો સુખી છે.

*યોન્તઃસુખોન્તરારામસ્તથાન્તર્જ્યોતિરેવ યઃ,*
*સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોધિગચ્છતિ ॥ ૨૪ ॥*

*લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ,*
*છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતોહિતે રતાઃ ॥ ૨૫ ॥*

*કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્,*
*અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥ ૨૬ ॥*

જે અંતરાત્મા સુખનો અનુભવ કરે છે તથા આત્મામાં જ રમણ કરે છે, જેના અંતરાત્મામાં જ્ઞાનરૂપી પ્રકાશ પથરાઈ ગયો છે તે યોગી બ્રહ્મસ્વરૂપ બની પરબ્રહ્મમાં જ નિર્વાણ પામે છે. જેના પાપાદિ દોષો નાશ પામ્યા છે, જેના સંશયો છેદાઈ ગયા છે, જેમનાં મન-ઇન્દ્રિયો વશમાં થઇ ગયા છે અને જે પ્રાણીમાત્રના હિત માટે તત્પર છે, એવા ઋષિઓ બ્રહ્મનિર્વાણને પામે છે. જેઓ કામ - ક્રોધથી રહિત છે, જેમણે ચિત્તને વશમાં રાખ્યું છે અને જેઓ આત્મસાક્ષાત્કાર પામેલા છે એવા યોગીઓ સર્વ અવસ્થામાં પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે.

*સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ*
*પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ ॥ ૨૭ ॥*

*યતેન્દ્રિયમનોબુદ્ધિર્મુનિર્મોક્ષપરાયણઃ,*
*વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥ ૨૮ ॥*

*ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્,*
*સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥ ૨૯ ॥*

બહારના વિષયોને વૈરાગ્ય દ્વારા બહાર કાઢીને તથા દૃષ્ટિને ભ્રમરની મધ્યમાં સ્થિર કરીને નાકની અંદર ગતિ કરનારા પ્રાણ તથા અપાનવાયુને સમાન કરીને, જેણે ઇન્દ્રિયો, મન તથા બુદ્ધિ વશ કર્યા છે તથા જેનાં ઇચ્છા, ભય અને ક્રોધ દૂર થયાં છે એવા મુનિ મોક્ષપરાયણ છે. તે સદા મુક્ત જ છે. સર્વ યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વ લોકોનો મહેશ્વર અને સર્વ ભૂતોનો પરમ મિત્ર હું જ છું એ રીતે જે જાણે છે તે શાંતિને પ્રાપ્ત થાય છે.

**॥ अध्याय-५ : कर्म – संन्यास – योग समाप्त ॥**

# સત્સંગ



## કૃપાનિધાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી

પ્રેષક : મનુભાઈ કોટડિયા

### ૧૨. નિર્ધનનું ધન

શ્રીહરિ

"શેઠ, તમારી સેવા - ટહેલ આ પોણા રસ્તા સુધી કરી. હવે જ્યારે શ્રીનાથજીનું ગામ થોડાક દિવસોમાં જ આવી જાય તેમ છે તો મને શા માટે નોકરીમાંથી કાઢી મૂકો છો? તમે કહેશો તે કામ કરીશ પણ મને નોકરીમાંથી ન કાઢો. મારે પણ શ્રીનાથજીના અને શ્રી ગુસાંઇજીના દર્શન કરવા છે."

એક દ્રવ્ય-સંકોચવાળા પટેલ કરગરી રહ્યા હતા. યાત્રાર્થે સંઘમાં નીકળેલા એના શેઠને જરા જેટલીય આ પટેલની દયા ન આવી અને વગર કારણે એને નોકરીમાંથી કાઢી મૂક્યો. પટેલે મનમાં વિચાર્યું કે જે થવાનું હોય તે ભલે થાય પણ હું દર્શન તો કરીશ જ. આટલે સુધી આવ્યા પછી પાછું કોણ જાય? સંઘની પાછળ પાછળ એણે ચાલવા માંડ્યું. સંઘ હતો શ્રીમંતોનો. સૌ પોતપોતાની ગાડી (બળદગાડા)માં યાત્રાએ નીકળ્યા હતા. પેલા ગરીબ પટેલ આ ગાડીઓની પાછળ પાછળ થોડા દિવસ તો ચાલ્યા, પણ ખાધા-પીધા વગર એ વધારે દિવસ ન ચાલી શક્યા. શરીર લથડ્યું.



શ્રી ગુસાંઇજી

પટેલે સંઘના બીજા વૈષ્ણવ શેઠોને વિનંતી કરી : "ભાઈ, એ શેઠ, બાપલિયા! હું તમારી ગાય છું. ભૂખ્યા પેટે અને ધોમધખતા તડકામાં ઊઘાડા પગે હવે નથી ચાલી શકાતું. કોઈ દયા ખાઈને મને ગાડીમાં બેસાડી લો તો સારું. પગે ફોલ્લાં પડી ગયા છે અને ખાધા વગર ચક્કર આવે છે. કોઈ આટલી મહેરબાની કરો મા...બાપ! તમારા પ્રતાપે મને શ્રીજીબાવાના દર્શન થઇ જાશે."

દ્રવ્યના મદમાં છકેલા શેઠિયાઓને કાને નિર્ધન પટેલની કાકલૂદી પહોંચી નહીં. તેઓ તો નિરાંતે સૂઈ ગયા. પટેલ વારાફરતી સૌને વિનંતી કરીને થાક્યા. રાતે ચિંતામાં ને ચિંતામાં પટેલને અત્યંત પરિતાપ થયો. આખી રાત બેચેનીમાં પસાર કરી સતત શ્રીજીનું સ્મરણ કરતા રહ્યા. સાચા દિલથી લીધેલું ભગવાનનું નામ કદી અફળ જતું નથી. બીજા દિવસે સવારે ચમત્કાર થયો!

સવારે ઊઠીને બધા દાંતણ કરતા હતા ત્યાં જ ધૂળની ડમરી ઉડાડતી એક સુંદર ગાડી આવીને ઊભી રહી. ગાડીવાળાએ નીચે ઊતરીને એક શેઠને પૂછ્યું : "બીમાર પટેલ ક્યાં છે? તેને માટે શ્રી ગુસાંઈજી મહારાજે ગાડી મોકલી છે."

સૌના નેત્રો વિસ્ફારીત થઈ ગયા. સૌના મનમાં એમ થયું કે, 'આ પટેલ શ્રી ગુસાંઈજીનો આટલો કૃપાપાત્ર છે એવી જો પહેલેથી જ ખબર હોત તો એને આપણી ગાડીમાં જ ન બેસાડત! હવે એ આપણી ગાડીમાં આવે તો સારું. રાતે એ કાલાવાલા કરતો આવ્યો હતો પણ આપણે એની વાત સાંભળી નહીં. હવે એ પટેલ શ્રી ગુસાંઈજીને જઇને બધી વાત કરી દેશે અને આપણી આબરૂના કાંકરા થઇ જશે.'

સંઘમાં વાત વાયુવેગે ફેલાઈ ગઈ. કોઈ દોડીને પેલા પટેલ પાસે ગયું અને એને ગાડીવાન પાસે લઇ આવ્યું. ગાડીવાને પટેલને ગાડીમાં બેસાડીને ગાડી પૂર ઝડપે હંકારી મૂકી. પવનવેગે ગાડી દોડી અને ચાર ઘડીમાં શ્રીજીદ્વાર આવી પહોંચી. ગાડીવાને શ્રી ગુસાંઈજીને ખબર મોકલી. શ્રી ગુસાંઇજીએ શ્રીનાથજી સામે જોયું અને બંનેએ પરસ્પર સ્મિત કર્યું. થોડા સમયમાં શૃંગારના દર્શન ખૂલ્યા. શ્રીગુસાંઇજીએ પેલા પટેલને પાસે બોલાવ્યા અને કૃપાપાત્ર વૈષ્ણવને શ્રીનાથજીના દર્શન કરાવ્યા.

પટેલના મનમાં આનંદનો ખૂબ આવેશ આવ્યો. એની પાંપણે હર્ષાશ્રુની ઝાલર બંધાઈ ગઈ. કંઠ ગદ્‌ગદિત થઇ ગયો. મુગ્ધતા એટલી બધી વધી ગઈ કે દેહાનુસંધાન ન રહ્યું. પ્રાણ હમણાં નીકળી જશે એવું થઈ ગયું. શ્રીગુસાંઇજી ચેતી ગયા. તેમણે રામદાસ ભીતરિયાને જળ લાવવા કહ્યું. રામદાસજીએ શ્રીગુસાંઇજીના ચરણ ધોઈ ચરણોદક પટેલને પાયું. શ્રીગુસાંઇજીએ અંજળી ભરી અષ્ટાક્ષર મંત્ર બોલીને પટેલ ઉપર જળ છાંટ્યું. પટેલને ભાન આવતા તરત પટેલના મહાપ્રસાદની પાતળ પીરસવામાં આવી.

શ્રીગુસાંઇજીએ સેવકોને આજ્ઞા કરી કે શ્રીમંતોનો અમુક સંઘ આવી રહ્યો છે, એને દર્શન કરવા આવવા નહીં દેતા. બપોરના સમયે સંઘ આવી પહોંચ્યો. કોઈને દર્શન ન થયા. સૌએ પેલા

પટેલને ખૂબ વિનંતી કરી. ભીતર જઈ પટેલે શ્રીગુસાંઇજીને વિનંતી કરી. શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીને વિનંતી કરી. શ્રીનાથજીએ ફક્ત સાંજે દર્શન કરાવવાની છૂટ આપી. સંઘે પટેલનો ખૂબ આભાર માન્યો. ખરેખર, નિર્ધનો જ પોતાનું ધન વાટી શકે છે!

## ૧૩. પ્રીતની રીત

એક ભગવદીય વૈષ્ણવ હતો. ભગવદ્ સેવા બહુ પ્રીતિપૂર્વક કરતા. પુષ્ટિમાર્ગમાં અત્યંત રૂચિ રાખતા. શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી પ્રત્યે ખૂબ આદર-માન સેવતા. આ વૈષ્ણવને શ્રી ગુસાંઈજીની એક ક્ષત્રાણી સેવક સાથે બહુ મનમેળ હતો. બંને સાથે મળીને ભગવદ્ વાર્તા કરતાં અને મહાપ્રસાદ લેતા. ક્ષત્રાણી પાસે ધન ખૂબ જ હતું. આ વૈષ્ણવ પાસે જરાયે ધન નહોતું. વૈષ્ણવને ક્ષત્રાણી સાથેના મનમેળનું આ એક છૂપું રહસ્ય હતું. વૈષ્ણવને એમ કે કોઈક વાર એમને ધનની જરૂર પડી તો ક્ષત્રાણી સ્નેહવશ થઇને એમની મુશ્કેલી દૂર કરી દેશે.

શ્રી ગુસાંઇજીને આ વાતની ખબર પડી. એમને ચિંતા થઇ કે આવા ભગવદીય વૈષ્ણવને આટલા અમસ્તા અન્યાશ્રયથી ભગવત્પ્રાપ્તિ નહીં થાય. કોઈપણ પ્રકારે આવો અન્યાશ્રય છોડાવવો જ જોઈએ.

એકવાર મોકો જોઈને શ્રી ગુસાંઇજીએ પેલા વૈષ્ણવને કહ્યું : “તમે આ ક્ષત્રાણીનો સંગ છોડી દો.”

વૈષ્ણવે હાથ જોડીને વિનંતી કરી : “કૃપાનાથ, એનો સંગ તો મારા પ્રાણની સાથે છે - એ કેમ કરીને છૂટે? વળી મારે એની સાથે અન્ય કોઈ લૌકિક સંબંધ નથી. આપ તો અંતર્યામી છો. એની સાથેના મારા સંગનું કારણ આપ જાણતા જ હશો.” જવાબ સાંભળીને શ્રી ગુસાંઇજી મૌન રહ્યા.

થોડાં દિવસ વિત્યા. શ્રી ગુસાંઇજીએ પેલા વૈષ્ણવને બોલાવ્યા : “વૈષ્ણવ, અમારે પાંચ હજાર રૂપિયાની જરૂર પડી છે. અઠવાડિયામાં હૂંડી આવી જશે એટલે તમારા રૂપિયા પાછા ચૂકવી દેશું. તમે આ અંગે અમને કંઈ મદદ કરી શકશો?”

વૈષ્ણવ તો હરખાઈ ગયા. “જોયું મહારાજ, આ ઘડી માટે જ મેં ક્ષત્રાણીનો સ્નેહ અને સંગ રાખ્યા છે. આમાં કઈ મોટી વાત છે? આજે જ આપને રૂપિયાની વ્યવસ્થા કરાવી દઉં.” શ્રી ગુસાંઇજીએ આછું સ્મિત કરી વૈષ્ણવને આશીર્વાદ આપી વિદાય કર્યા.

વૈષ્ણવે જઇને ક્ષત્રાણીને વાત કરી. ક્ષત્રાણીએ કહ્યું : “રૂપિયા ભલે લઇ જાઓ, પણ તમે જ પાછા લાવી આપજો. હું શ્રી ગુસાંઇજીની સેવક છું. તેથી હું એમની પાસે માંગવા નહીં જાઉં.”

વૈષ્ણવ રાજી થઇને પાંચ હજાર રૂપિયાની થેલીઓ લઇને આવ્યા શ્રી ગુસાંઇજી પાસે. શ્રી ગુસાંઇજીએ વૈષ્ણવના વખાણ કર્યા અને બીડું આપીને વિદાય કર્યા. પછી એક લાકડાંની પેટીમાં તે રૂપિયાની થેલી ઉતરાવી, પેટીને તાળું મારી જમીનમાં દટાવી દીધી.

હવે શ્રી ગુસાંઇજી પેલા વૈષ્ણવ સાથે બોલે નહીં અને રૂપિયા આપવાની વાત પણ કાઢે નહીં. એક દિવસ ક્ષત્રાણીએ વૈષ્ણવને કહ્યું : “બે મહિના વિતી ગયા. તમે તો અઠવાડિયામાં હૂંડી આવી જશે એમ કહ્યું હતું. હજુ સુધી રૂપિયા પાછે કેમ લાવ્યા નહીં? તમે શ્રી ગુસાંઇજીને પૂછો તો ખરા!”

વૈષ્ણવે હા પાડી, શ્રી ગુસાંઇજી પાસે આવ્યા. પણ રૂપિયા માંગતા જીભ ન ઉપડે અને શ્રી ગુસાંઇજી એમની સામે પણ ન જુએ. આમ કરતાં થોડાં દિવસ બીજા ગયા. વૈષ્ણવ દરરોજ શ્રી ગુસાંઇજી પાસે આશા લઇને આવે અને ખાલી હાથે પાછા જાય. છેવટે ક્ષત્રાણી ગુસ્સે થઇ ગયા. એટલે એક દિવસ વૈષ્ણવે હિંમત એકઠી રકીને શ્રી ગુસાંઇજી પાસે વાત મૂકી.

શ્રી ગુસાંઇજીએ કહ્યું, “અમારી પાસે એટલા રૂપિયા ક્યાં છે? બે-ચાર વર્ષ પરદેશ ફરીશું. જે સેવા આવશે એમાંથી ખરચી બાદ કરતાં વધશે ત્યારે આપી દેશું.”

આ સાંભળીને વૈષ્ણવના હોશ-કોશ ઉડી ગયા. એમણે જઇને ક્ષત્રાણીને વાત કરી. ક્ષત્રાણીની આંખ બદલાઈ ગઈ : “હું એ કાંઈ ન સમજું. તમે હમણાં ને હમણાં જ મારા રૂપિયા પાછા લાવી આપો. સાથે બે માણસોને મોકલું છું. જો તમે નિષ્ફળ ગાય તો તમને બંદીખાને નંખાવીશ.”

વૈષ્ણવ વિલા મોંએ શ્રી ગુસાંઇજી પાસે આવ્યા. આંખમાંથી ચોધાર આંસુ વહ્યા જાય. શ્રી ગુસાંઇજીએ કારણ પૂછ્યું. વૈષ્ણવે પેલા બે માણસોને બતાવ્યા અને બધી વાત કહી. શ્રી ગુસાંઇજીએ જમીન ખોદાવી, મૂડી બહાર કાઢી અને રૂપિયાની થેલીઓ વૈષ્ણવને સોંપી દીધી. “અમે તો પહેલાથી જ કહ્યું હતું કે ક્ષત્રાણીનો સંગ છોડી દો.”

વૈષ્ણવે હાથ જોડી પોતાની ભૂલ કબૂલ કરી કે, સમર્થ ધણીનો આશ્રય છોડી મેં ધનની લાલચે ક્ષત્રાણીનો સંગ કર્યો.

## ૧૪. સત્યનો પ્રતાપ

મધ્યરાત્રિનો સમય. સૌ કોઈ ગાઢ નિંદ્રામાં પોઢેલાં. ગોકુળની સાંકડી ગલીઓમાં કૂતરા પણ ભસી-ભસીને ચૂપ થઈ ગયેલા. શ્રીયમુનાજીનો પ્રવાહ શાંત પણે વહ્યો જતો હતો. નદીના નીરમાં કાચબાઓની કે બીજા જળચર પ્રાણીઓની ડૂબકીને કા સરસરાટ પસાર થઇ જવાના અવાજ પેદા થઇને પાછા શાંત પડી જતા.

એક સમયે શ્રી નવનીત પ્રિયાજીના મંદિરની અંદરના ભાગમાં કંઈક ખખડાટ થયો. એક માનવ આકૃતિ દબાતા પગલે બગલમાં પોટલું છૂપાવીને શ્રી ગુસાંઇજીના શયનકક્ષ તરફ જઈ રહી હતી. અંદર જઇ એણે નિશ્ચિત સ્થળેથી ઘરેણાનો ડબ્બો અને બીજા કિંમતી વાસણો કાઢ્યા અને પોટલામાં ભર્યા. પોટલું બરાબર વ્યવસ્થિત કરીને માથા પર ઊંચકવાના પ્રયત્નો કર્યા, પણ વજન એટલું વધી ગયું હતું કે પોટલું કેમે'ય કરતાં ઊંચકાય જ નહીં!

એટલામાં એક બીજી આકૃતિએ આવીને પોટલું ઊંચક્યું અને પહેલી આકૃતિને માથા પર ચઢાવી દીધું અને કહ્યું : “અહીંથી ભાગ

જલ્દી, નહિં તો ચોકિયાતો જાગી જશે અને તું પકડાઈ જઈશ.'' પહેલી આકૃતિ સડસડાટ કરતી બહાર નીકળી ગઈ. પરંતુ થોડે દૂર ગયા પછી એ અટકી. એને બીજી આકૃતિનો અવાજ પરીચિત લાગ્યો. થોડી ગડ બેસાડ્યા પછી એ આકૃતિને ધ્રાસ્કો પડ્યો અને તરત પાછી વળી. એણે અંદર આવી, બીજી આકૃતિના ચરણમાં પોટલું મૂકી દીધું અને રૂંધાતા સ્વરે માફી માંગી : ''મહારાજ, મને ક્ષમા કરો. હું સાંજે તમારા મંદિરમાં દર્શન કરવા આવ્યો હતો અને તમારા ભગવાનના ઘરેણાં તથા તમારા પોતાના વાસણો જોઇને મારૂં મન ચલિત થઇ ગયું હતું. સાંજના સમયમાં હું મંદિરમાં ભરાઈ રહ્યો હતો. મેં ભગવાનનો ગુનો કર્યો છે. તમને ઠીક લાગે તે સજા કરો. તમારા શરણે આવ્યો છું. મને તમારો સેવક કરો.''

શ્રી ગુસાંઇજીએ ચોરનો શુદ્ધ ભાવ જાણીને નામ-નિવેદન કરાવ્યું અને આજ્ઞા કરી : ''હંમેશાં સાચું બોલજે અને દયા રાખજે.'' ચોર શ્રી ગુસાંઇજીને દંડવત્ કરીને બહાર નીકળ્યો.

થોડાં દિવસ પછી પેલો ચોર સરસ મજાના શાહુકારના કપડાં પહેરી અડધી રાત્રે દૂરના ગામના રાજાના મહેલમાં ચોરી કરવા ગયો. દ્વારપાલે એને અટકાવ્યો અને પૂચ્યું : ''તમે કોણ છો?'' ચોરે કહ્યું : ''હું ચોર છું અને રાજાને ત્યાં ચોરી કરવા આવ્યો છું.'' દ્વારપાલે એને પગથી માથા સુધી નિરખ્યો. કોઈ શાહુકાર એની મશ્કરી કરતો હોય એવું લાગ્યું. સલામ કરીને એને આગળ જવા દીધો. જ્યાં જ્યાં દ્વારપાલોએ એને અટકાવ્યો ત્યાં ત્યાં એણે સાચી વાત કહી અને દરેક જગ્યાએથી એ માનભેર પસાર થયો. મહેલમાં જઇને એણે રાજા-રાણીના ઘરેણાં ચોર્યા અને આવ્યો હતો એ જ રીતે પાછો ફર્યો.

ચોર મોડી રાત્રે ઘેર આવીને સૂઈ ગયો. સવારે મોડો ઉઠ્યો. ઉઠીને ઘરના ઓટલે દાતણ કરતો હતો ત્યાં રાજાના માણસોને દોડાદોડી કરતા દીઠા. દીવાને આવીને ચોરને મોડા ઊઠવાનું કારણ પૂછ્યું. ચોરે સાચું કહી દીધું : ''હું રાત્રે રાજાને ત્યાં ચોરી કરવા ગયો હતો એટલે અત્યારે મોડો ઊઠ્યો છું.''

દીવાન આશ્ચર્યમાં પડી ગયો. એણે જઈને રાજાને આ વાત કરી. રાજાએ ચોરને દરબારમાં બોલવ્યો. ચોર ઘરેણાંનો દાબડો લઈને હાજર થયો. રાજાએ પૂછ્યું : ''આ ચોરી તેં કઈ રીતે કરી? તને કોઈએ જોયો નહીં કે અટકાવ્યો નહીં? કે પછી બધા દ્વારપાળો ઊંઘી ગયા હતા?''

ચોરે આખો પ્રકાર સવિસ્તાર કહી સંભળાવ્યો. રાજા છક થઈ ગયો! એને આ સાચાબોલા ચોર પ્રત્યે માન થયું. રાજાએ એને સર્વસત્તાધીશ બનાવ્યો અને દીવાનને પણ એના હાથ નીચે કામ કરવા કહ્યું. એ ચોર બહુ કુશળતાપૂર્વક દીવાનગીરી કરવા લાગ્યો.

થોડાં સમય પછી શ્રી ગુસાંઇજી એ ગામમાં પધાર્યા. નવો દીવાન રસાલા સાથે શ્રી ગુસાંઇજીને દંડવત્ કરવા આવ્યો. ''મહારાજ, હું આપનો ચોર છું. આપના આશીર્વાદથી આજે આ કક્ષાએ પહોંચ્યો છું. આ બધું આપનું છે. આપ એનો અંગીકાર કરો.''

શ્રી ગુસાંઇજીએ પ્રસન્નતાપૂર્વક એને આશીર્વાદ આપ્યા અને આગળ પધાર્યા. ***(ક્રમશઃ)***


## જ્ઞાતિસેતુ

*''જ્ઞાતિસેતુ'' – એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.*

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકો, વિજ્ઞાપન સહયોગી તેમજ દાતાઓને નમ્ર નિવેદન છે આપના લવાજમ, જાહેરાત તથા શુભેચ્છા સહયોગની રકમ 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી શકશો. ***અથવા*** નીચે જણાવેલ બેંકમાં RTGS / NEFT દ્વારા ટ્રાન્સફર કરી શકશો ***અથવા*** રોકડા કે ચેક (**''શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ''**ના નામનો) લખીને **''પંજાબ નેશનલ બેંક''**માં કોઈપણ શાખામાં જમા કરાવી શકશો.

***વધુ જાણકારી માટે સંપર્ક*** : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

***બેંકની વિગત*** : *ખાતાનું નામ :* **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**


*બેંકની વિગત :* પંજાબ નેશનલ બેંક. ★ *બ્રાંચ :* મણિનગર

*સેવિંગ્સ એકાઉન્ટ નં. :* 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0220410

***કાર્યાલય*** : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ઈ-મેઈલ : gnyatisetu@gmail.com

# સત્સંગ



## શ્રીનાથજી પ્રાગટ્ય વાર્તા

પ્રેષક : મનુભાઈ કોટડિયા

શ્રીનાથજી તેમના પ્રિય ભક્ત અને મિત્ર અજબ કુંવરીબાઈ, મેવાડની રાજપુત રાજકુમારી સાથે નાથદ્વારા સ્થળાંતર કરે છે.

નાથદ્વારામાં શ્રીનાથજીના રોકાણને વર્ષ ૨૦૨૧માં ૩૪૯ વર્ષ પૂર્ણ થયા.

(અત્રે આપેલી વિગતો મૂળ વ્રજ ભાષામાંથી છે.)

એકવાર શ્રી ગુસાંઇજી દ્વારકા જઈ રહ્યા હતા. ત્યારે તેમણે રાજસ્થાનના મેવાડમાં સિંહદ નામનું એક સુંદર સ્થળ જોયું. શ્રી ગુસાંઇજી ત્યાં બે દિવસ રોકાયા.

તેણે બાબા હરિવંશજીને આ વાતનો ઉલ્લેખ કર્યો. 'ભવિષ્યમાં શ્રીનાથજી અહીં આવશે. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી શ્રીજી ગિરિરાજ ગોવર્ધનને છોડશે નહીં.'

(આ વાર્તા સમજાવે છે કે કેવી રીતે બધું શ્રીજીએ જાતે જ આયોજન કર્યું હતું. જ્યારે તેઓ વ્રજ છોડીને મેવાડ જવાના હતા. બાહ્ય સંજોગો જે આપણે જોઈ શકીએ છીએ તે તેમની લીલા પૂર્ણ થવાના બહાના તરીકે જ છે.)



રાજા ઉદયસિંહ સોના અને જમીનની ભેટ સાથે તેમના દર્શન માટે આવ્યા હતા. આશીર્વાદરૂપે બદલામાં, શ્રી ગુસાંઇજીએ તેમને કેટલાક શુદ્ધ વસ્ત્રો અને સાધન આપ્યા, જે શ્રીજીએ પોતે પહેર્યા હતા.

પાછળથી તેની રાણી આવી જે રાજકુમારી મીરાબાઈની પુત્રી હતી. આ રાણીની વહુ અજબકુંવરી હતી. તેણીએ પણ આવીને બ્રહ્મસંબંધના રૂપમાં શ્રી ગુસાંઇજી પાસે દીક્ષા લીધી. તેણીએ તેના વાસ્તવિક સ્વરૂપના દર્શન કર્યા. જ્યારે તેને દ્વારકા જવાનું થયું ત્યારે અજબ ખૂબ જ પરેશાન હતી. શ્રી ગુસાંઇજીએ પછી તેને સમજાવ્યું કે, 'હું અહીં રહી શકતો નથી. છતાં શ્રીજી સ્વયં અહીં આવીને તમને દરરોજ દર્શન આપશે.'

***॥ શ્રીજી કો નિત્ય મેવડ પધરાવો ઔર અજબ કુંવરી સૌ ચોપડ ખેલવો તથા મેવડ પધરવે કો નિયમ કરો ॥***

શ્રી ગુસાંઇજીના આ વચન પછી, શ્રીજી તેમના પ્રિય ભક્ત અને મિત્ર અજબ કુંવરીબાઈને મળવા દરરોજ શ્રી ગોવર્ધનથી મેવાડ આવતા. તેની સાથે ચોપડ (લ્યુડો જેવી બોર્ડ ગેમ) રમ્યા પછી તે ગિરિરાજ ગોવર્ધન પાસે પાછા ફરતા.

ઠાકુરજીને અવરજવર મુસાફરી કરવી કેટલી મુશ્કેલીભરી હશે તે સમજીને અજાબાઈએ શ્રીજીને વિનંતી કરી કે, 'તમારે રોજ આવવું-જવું એ કંટાળાજનક છે. મહેરબાની કરીને મેવાડમાં આવો અને રહો. જેથી હું હંમેશાં તમારા દર્શન કરી શકું.'

પણ તે વખતે શ્રીજીએ ના પાડી. તેમણે તેણીને કહ્યું, 'જ્યાં સુધી શ્રી ગુસાંઇજી અહીં પૃથ્વી પર છે ત્યાં સુધી હું શ્રી ગિરિરાજને છોડીશ નહીં. પરંતુ તેઓ ગોલોક ગયા પછી હું અહીં આવીશ અને ઘણાં વર્ષો સુધી રહીશ. પછી જ્યારે ગુસાંઇજીનો પુનર્જન્મ થશે ત્યારે જ હું વ્રજમાં ગિરિરાજ ગોવર્ધનમાં પાછો ફરીશ અને ત્યાં ઘણાં વર્ષો સુધી રમીશ.' એમ કહી શ્રીજી ગિરિરાજ ગોવર્ધન તરફ પ્રયાણ કરે છે.

શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગુસાંઇજી તરીકે પણ ઓળખાય છે.

***॥ શ્રીનાથજી મેવાર પધારવે કે સુધી કર એક અસુર કો શ્રી ગિરિરાજ તે ઉભા દેવે કી પ્રેરણા કીની ॥***

કેટલાક વર્ષો પછી શ્રીજીને શ્રી ગુસાંઇજીના સમયમાં અજાબાઈને આપેલું વચન યાદ આવ્યું. શ્રી ગુસાંઇજી અજાબાઈ પ્રત્યેની પ્રતિબદ્ધતા મુજબ તેમને ઘણા વર્ષો સુધી મેવાડ જવાનું રહેશે. તે જ સમયે શ્રીજી જાણતા હતા કે, શ્રી વલ્લભાચાર્યના વંશ ધારકો જ્યાં સુધી કોઈ અનિષ્ટ દ્વારા તેઓને અહીંથી ખસેડવાની ફરજ પાડવામાં ન આવે ત્યાં સુધી તેઓ તેમને સ્થળાંતર કરવા માટે સંમત થશે નહીં. તેથી તેમની દૈવી યોજના અનુસાર, તેમણે એક મોગલ રાજાને આદેશ આપ્યો કે તેઓ તેમને ગિરિરાજ ગોવર્ધન છોડી દે અને લીલા પણ કરી જેથી તેમનું પોતાનું મંદિર ગુપ્ત બની જાય.

ત્યારે શ્રી વલ્લભજી મહારાજજીને સ્વપ્ન આવ્યું કે શ્રીજી

શ્રી ગિરિરાજજી બીજી કોઈ જગ્યાએ જઈ રહ્યા છે.

**ગિરિરાજ ગોવર્ધનથી સિંહદ, નાથદ્વારા સુધીની સફર :**

શ્રીજીએ તેમના રથમાં કુલ ૨ વર્ષ, ૪ મહિના, ૭ દિવસની યાત્રા કરી. મેવાડની યાત્રા, ઠાકુરજીની ઇચ્છા મુજબ ૧૬૬૯ એડીમાં, શુક્રવારે અષાઢ સુદ પૂનમના રોજ, રાત્રિના છેલ્લા ૩ કલાક દરમિયાન શરૂ થઇ હતી. શ્રીનાથજી તેમના તમામ સેવકો સાથે ૧૬૭૨ એડીમાં, શનિવારે ફાલ્ગુન વદ સાતમના રોજ સિંહડ (નાથદ્વારા) પહોંચ્યા.

પછી, પછીની વારતાઓમાં એવું આવે છે કે શ્રીજીનો રથ તે સ્થળે જ અટકી ગયો ત્યાં શ્રી ગુસાંઇજીએ ઘણા વર્ષો પહેલા ભવિષ્યવાણી કરી હતી. આ તે વિસ્તાર હતો જ્યાં રાજકુમારી અજાબાઈ કુંવરીની હવેલી અગાઉ ઉભી હતી. તે વ્રજ, ગિરિરાજજીથી તેમનું અંતિમ મુકામ બન્યું.

અહીં શ્રીનાથજીનો રથ પીપરના ઝાડ નીચે એક બિંદુમાં અટકી ગયો હતો.

શા માટે? પૂછ્યું ત્યારે શ્રીજીએ જવાબ આપ્યો : ''મારા ભક્ત અજાબા કુંવરીબાઈ અહીં રહેતા હતા. તેથી મારૂં મંદિર અહીં બંધાવું જોઈએ. રાણાજી ઈચ્છે છે કે હું ઉદયપુરમાં રહીશ. પણ તે મનોરથ હું પછીથી પૂરો કરીશ. અત્યારે અજબ કુંવરીબાઈની જગ્યાએ મારૂં મંદિર બાંધો. હું અહીં લાંબો સમય સુધી રહીશ. આ જગ્યા મને વ્રજની યાદ અપાવે છે. મને અહીંના પર્વતો ગમે છે. ત્યાં બનાસ નદી પણ છે, જે યમુનાજીનું પ્રતિનિધિત્વ કરે છે.'

'આ અજાબા કુંવરીની ભૂમિ છે.' શ્રીજીએ કહ્યું. હું અહીં જ રહીશ. બધા ગુસાંઈ બાલકને કહો કે તેઓ તેમના બેઠક અહીં પણ બાંધે.'

શ્રી ગોવિંદાજીએ મંદિર તૈયાર કરાવવાની તૈયારીઓ શરૂ કરી. તેમણે ગોપાલદાસ ઉસ્તાને વધુમાં વધુ લોકોને નોકરી પર રાખવા અને શક્ય તેટલી વહેલી તકે શ્રીનાથજી મંદિર તૈયાર થાય તેની ખાતરી કરવા આદેશ આપ્યો. સેંકડો કામદારો સાથે રાત-દિવસ કામ શરૂ થયું અને થોડા મહિનામાં શ્રીજીનું મંદિર તૈયાર થઇ ગયું.

૧૬૭૨માં ફાલ્ગુન વદ સાતમ, શનિવારે સ્વાતિ નક્ષત્ર શ્રી દામોદર મહારાજજી (શ્રી દાઉજી)એ મંદિર હવેલીમાં શ્રીનાથજીની પાતળની સ્થાપના કરી હતી. તે બધું જ વૈદિક સંસ્કારો અનુસાર, વાસ્તુ પ્રતિષ્ઠા અને પૂજન સાથે સંપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું. ધીમે ધીમે અહીં શ્રીની જેમ જ તમામ વિવિધ ધાર્મિક વિધિઓ અને તહેવારો ફરી શરૂ થયા.

ત્યારથી શ્રીજી આનંદથી અહીં મેવાડમાં રહેવા લાગ્યા. શ્રીજીની તમામ ગાયો માટે નજીકમાં એક ગૌશાળા પણ બનાવવામાં આવી હતી. શ્રી દાઉજી મહારાજે ખૂબ જ પ્રેમથી શ્રીજીની સંભાળ લીધી અને તમામ ઉત્સવો અને મહાઉત્સવો ઉજવ્યા, તમામ શૃંગાર પણ તેમના દ્વારા કરવામાં આવ્યા હતા. શ્રીજીએ તેમના રથમાં કુલ ૨ વર્ષ, ૪ મહિના, ૭ દિવસની યાત્રા કરી. આ સમગ્ર યાત્રા દરમિયાન શ્રીજીએ તેમના ભક્ત ગંગાબાઈ નામના વૃદ્ધ મહિલાને તેમની પાછળ રથમાં રાખવાનો આગ્રહ કર્યો.

તેણી તેમનો અવાજ બની હતી. જ્યારે પણ શ્રીજીનો રથ રોકાયો ત્યારે ગંગાબાઈને પૂછ્યું કે શ્રીજીને શું જોઈએ છે? જ્યારે તે ઇચ્છા પૂર્ણ થશે ત્યારે રથ ફરી જશે. વિશાળ શોભાયાત્રામાં તેમના તમામ વ્રજવાસી મિત્રો અને કેટલાક સેવકોનો સમાવેશ થતો હતો.

આ વ્રજવાસી આજ સુધી નાથદ્વારામાં રહીને શ્રીનાથજીની સેવા કરે છે. જો કે પેઢીઓ વીતી ગઈ છે.

જય હો શ્રીજી!

તમે હંમેશાં ભક્તોને આપેલી પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરો.

રાજકુમારી અજબ કુંવરીબાઈએ અત્યાર સુધીમાં તમારી હાજરીથી સંપૂર્ણ સંતુષ્ટ અને આનંદિત થઇને તમારા અસ્તિત્વમાં સંપૂર્ણ રીતે ભળી જવું જોઈએ.

## સ્વામિ વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારો : (૭)



**જેમીની કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા (માંડવી)**

નમસ્તે. અહીં હું ભારતના પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા પુરુષ – એવા સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયક વિચારોનો ભાગ-૭ રજૂ કરૂં છું.

★ પ્રાર્થનાથી માણસની સૂક્ષ્મ શક્તિઓ સહેલાઈથી જાગૃત કરી શકાય છે. પ્રાર્થના અને સ્તુતિ ઈશ્વર તરફના વિકાસ માર્ગના પ્રાથમિક સાધનો છે.
★ એકાગ્રતા એ સર્વ જ્ઞાનનો સાર છે. તેના વિના કંઈ થઈ શકે નહીં. સામાન્ય માણસમાં તેની વિચાર શક્તિનો નેવુ ટકા ભાગ વ્યર્થ જાય છે. અને તેથી તે સતત ભૂલો કર્યા કરે છે. કેળવાયેલું મન અથવા માણસ કદી ભૂલો કરે નહીં.
★ કદી પણ કોઈને મનથી, વચનથી, વિચારથી દુઃખી ના કરશો. સમસ્ત પ્રકૃતિના જીવો પ્રત્યે દયા દાખવવી એ જ અહિંસા છે અને અહિંસા જ પરમ ધર્મ છે.
★ વીરતાપૂર્વક આગળ વધો. એક દિવસ કે એક વર્ષમાં સફળતાની આશા રાખશો નહીં. હંમેશાં સર્વોચ્ચ વસ્તુને વળગી રહો.
★ સમાજમાં દરેક સુખી થાય અને સમાજમાં શાંતિ રહે એવી પ્રાર્થના કરો. દિવસ દરમ્યાન એકવાર ''લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ'' મંત્રનો જાપ કરો. તમારા સદ્ વિચારો એ જ ઈશ્વરને અર્પિત કરવાના પુષ્પો છે.
★ સારા શિક્ષણનો ધ્યેય છે : માનવનો વિકાસ.

## 'જ્ઞાતિસેતુ' મુખપૃષ્ઠ ડિઝાઇન સ્પર્ધા

**કલાસાધક દીપોત્સવી વિશેષાંક ● સમાજના કલાકારોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ**

**કૃતિ મોકલવાની અંતિમ તારીખ : ૧૦-૦૯-૨૦૨૨**

*પ્રથમ વિજેતા કૃતિને પ્રતિષ્ઠિત મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ના મુખપૃષ્ઠ પર સ્થાન મળશે તેમજ વિજેતાને પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.*

● **સ્પર્ધાના નિયમો :**

૧. મુખપૃષ્ઠની ડિઝાઈન મૌલિક હોવી જોઈએ.

૨. ચિત્રની સાઇઝ ૮.૨૫'' x ૧૧.૫'' રાખવી

૩. ચિત્ર સ્પર્ધામાં નીચે આપેલા પૈકી કોઈપણ એક વિષય પર ચિત્ર બનાવવાનું રહેશે.

૪. વિષય : (૧) ભારતીય કલાના વિવિધ સ્વરૂપો, (૨) લોક જીવનમાં વણાયેલ કલાદૃષ્ટિ.

૫. આ સ્પર્ધામાં માત્ર કંસારા જ્ઞાતિના કલાકારો જ ભાગ લઈ શકશે. સ્પર્ધકે ચિત્રની પાછળના ભાગમાં પોતાનું પૂરું નામ, સરનામું, મોબાઈલ નંબર તથા જન્મ તારીખ લખવાની રહેશે.

૬. કલાકાર કોઈપણ માધ્યમમાં – જેવા કે પેપર, કેનવાસ કે કમ્પ્યુટર પર ચિત્ર બનાવી શકશે. કમ્પ્યુટર પર બનાવેલ ચિત્રની કલર પ્રિન્ટ મોકલવાની રહેશે. ઇ-મેઇલ પર મોકલાવેલ ચિત્ર સ્પર્ધામાં લેવામાં આવશે નહીં. ચિત્રમાં કોઈપણ જગ્યાએ 'જ્ઞાતિસેતુ' શબ્દ લખવો નહીં.

૭. કલાકારે એક જ કૃતિ મોકલવાની રહેશે. એકથી વધારે કૃતિ હશે તો તે કલાકારની કોઈપણ કૃતિ સ્પર્ધામાં લેવામાં આવશે નહીં.

૮. સ્પર્ધકે ચિત્ર ઉપર-નીચે પાકા પુંઠા દ્વારા કવરમાં સુરક્ષિત ગોઠવી નીચે આપેલ સરનામે તા. ૧૦-૯-૨૦૨૨ પહેલા મોકલી આપવાનું રહેશે.

**જયેશ ઘડિયાળી – પ્રિન્ટોગ્રાફી**
જી/૩૩, વિજય પ્લાઝા, એકા ક્લબ સામે, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૨. મો. ૯૦૩૩૨ ૨૭૧૭૨

● **વિશેષ માહિતી માટે સંપર્ક :**
*મનુભાઈ કોટડિયા - ચેરમેન, જ્ઞાતિસેતુ. મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮*
*હંસરાજભાઈ કંસારા - મુખ્યતંત્રી, જ્ઞાતિસેતુ. મો. ૯૫૫૮૩ ૭૬૩૬૬*
*અતુલ સોની - પ્રમુખ, અમદાવાદ જ્ઞાતિ મંડળ. મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦*

*સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાઓ જાહેર કરવામાં આવશે. વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે તથા પ્રથમ આવેલ કૃતિ 'જ્ઞાતિસેતુ'ના મુખપૃષ્ઠ પર લેવામાં આવશે. આ બાબતે નિષ્ણાત નિર્ણાયક સમિતિનો નિર્ણય આખરી રહેશે.*

## વિજ્ઞપ્તિ

### "વડ, વડવા અને વડવાઈઓની વાતો"

**આપણી જ્ઞાતિના પરિવારોની માહિતી આપતું પ્રથમ પુસ્તક**

આપણા સમાજની ઐતિહાસિક ભૂમિકા અને પરંપરા તેમજ જ્ઞાતિ પરિવારો અને વ્યક્તિ વિશેષોની રસપ્રદ માહિતી આપતું અને દરેક પરિવારે વાંચવા અને સાચવવા જેવું પુસ્તક ઉપરના ટાઈટલ સાથે તૈયાર થઈ રહેલ છે. આ પુસ્તકનું સંકલન ''જ્ઞાતિસેતુ''માં નિયમિત લખતા શ્રી તુલસીદાસ કંસારા (અમદાવાદ) દ્વારા કરવામાં આવી રહેલ છે.

ઉપરના પુસ્તકમાં આપના પરિવારમાં વિશેષ પ્રતિભા ધરાવનાર વડીલો અથવા તો ખાસ જાણવાલાયક બાબતો વિશેની માહિતીને સ્થાન આપવામાં રસ ધરાવતા હો, તો તા. ૩૧-૮-૨૦૨૨થી પહેલા મળી જાય તે રીતે આપની વિગતો, આપના પરિવારની વંશાવળી (હાથવગી હોય કે જેટલી પેઢી યાદ હોય) સાથે નીચેના સરનામે પેજની એક તરફ સ્વચ્છ અક્ષરે લખીને પત્ર દ્વારા અથવા તો ઇ-મેઇલ કે વોટ્સએપથી મોકલી આપવા વિનંતી છે.

**તુલસીદાસ કંસારા**
૨૪, સુધાસાગર બંગ્લોઝ, આકાશ રેસિડેન્સીની સામે, ક્લબ O7 રોડ, શેલા, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
ઇ-મેઇલ : tkansara@gmail.com ● વોટ્સએપ : +91 98250 82639

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

લતાબેન સોલંકી - ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ સંચાલિત સાર્વજનિક દવાખાના દ્વારા આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કોન્સેપ્ટ માનવતા માટે યોગને અનુલક્ષીને યોગ સાધકો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સાપ્તાહિક ઉજવણીના ભાગરૂપે તા. ૧૯-૬-૨૦૨૨ના રોજ GSYB ના નેજા હેઠળ લતાબેન સોલંકી સંચાલિત નિઃશુલ્ક યોગ વર્ગ દ્વારા ભુજ શહેરના હૃદય સમાન હમીરસરના કિનારે પ્રખ્યાત હાટકેશ્વર મંદિરમાં યોગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ યોગ ઉત્સવમાં યોગ કોચ શ્રી વિજયભાઈ શેઠના માર્ગદર્શન હેઠળ યોગ પ્રાણાયામ કરવામાં આવ્યા હતા. બહોળી સંખ્યામાં બહેનોએ યોગ અને પ્રાણાયામ કરી સ્વાસ્થ્ય લાભ મેળવવાનો સંકલ્પ કર્યો હતો.

યોગ કોચ શ્રી વિજયભાઈ શેઠે યોગ કરતાં જણાવ્યું હતું કે પ્રાણાયામ અને યોગ નિયમિત કરવાથી રોગને દૂર રાખી શકાય છે. બહેનોના હાથમાં કુટુંબનું સ્વાસ્થ્ય જળવાયેલું છે. બહેનો ઘરમાં બધા જ સદસ્યોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. બહેનો જો કુટુંબના સદસ્યોને મિતાહાર કરાવી ખાનપાનનું વિશેષ ધ્યાન રાખે તો રોગોથી સમસ્ત કુટુંબને બચાવી પીડા અને અમૂલ્ય ધન પણ બચાવી શકાય છે.

યોગ કોચ શ્રી વિજયભાઈ શેઠનું યોગ સાધકો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આરોગ્ય કેન્દ્રમાંથી સેવાભાવી ડૉક્ટર રાહુલભાઈ ચૌહાણ સાહેબે બહેનોને કમર, ઘુંટણ અને અન્ય રોગોની વિશિષ્ટ અને ઉપયોગી સમજણ આપી દવાઓ આપી હતી. હમીરભાઈ રબારીએ ચૌહાણ સાહેબના સહાયક તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી.

શ્રી આદિયોગી શિવ શ્રી હાટકેશ્વર મહાદેવજીના સાંનિધ્યમાં યોગ પ્રાણાયામ કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે શ્રી ભૌમિકભાઈ વછરાજાની અને તેમના જ્ઞાતિ મંડળનો આભાર માનતા જણાવ્યું હતું કે મહાદેવજીના પવિત્ર પ્રાંગણમાં યોગ કરવામાં જે દિવ્ય અનુભૂતિની પ્રાપ્તિ થઈ છે એનો આભાર





શબ્દોમાં વ્યક્ત થઇ શકે નહીં. અમારા વંદન સ્વીકારશો.

ડૉ. રાહુલભાઈ ચૌહાણ અને હમીરભાઈ રબારીનું યોગ સાધકો દ્વારા પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. યોગ ઉત્સવના કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવા માટે લતાબેને યોગ કોચ વિજયભાઈ શેઠ, ડૉ. રાહુલભાઈ ચૌહાણ, સહાયક શ્રી હમીરભાઈ રબારી અને યોગ સાધકોનો આભાર માન્યો હતો. એમણે મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ સંચાલિત આરોગ્ય કેન્દ્રની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે જ્ઞાતિ પ્રમુખશ્રી હિતેશભાઈ ગુજરાતી, મેડિકલ કમિટીના ચેર પર્સન શ્રી હર્ષદભાઈ બુધ્ધભટ્ટી અને મહેશભાઈ કંસારાનો વિશેષ આભાર માન્યો હતો. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટના સાથ સહકારથી મેડિકલ કેમ્પમાં આશરે ૪૦ બહેનોએ કેમ્પનો લાભ લીધો હતો.

નિયમિત યોગ અને પ્રાણાયામ કરી સ્વસ્થ રહેવાની ચાવી બહેનોને પ્રાપ્ત થતાં બહેનોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

# જ્ઞાતિ સમાચાર

## શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ

રાજેશભાઈ એમ. બુધ્ધભટ્ટી

### નૂતન કારોબારીની રચના

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢની સાધારણ સભા તા. ૧૧-૬-૨૦૨૨ શનિવારના રોજ વકીલ શ્રી વ્રજેશભાઈ પી. હેડાઉના નિવાસ સ્થાને રાખવામાં આવેલ હતી. આ સભામાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજર રહેલા હતા. સામાન્ય સભાનું પ્રમુખ સ્થાને ડૉ. ડી.એન. બારમેડા સાહેબ હતા. આ સામાન્ય સભામાં ચૂંટણી પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા સલાહકાર સભ્યો સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતા.

**હોદ્દેદારશ્રીઓ :**

*પ્રમુખ* : શ્રી રાજેશભાઈ મહારાણીદાસ બુધ્ધભટ્ટી

*ઉપપ્રમુખ* : શ્રી પરેશભાઈ કાકુભાઈ બુધ્ધભટ્ટી

*મંત્રી* : શ્રી મધુભાઈ અનુલાલ પરમાર

*સહમંત્રી* : શ્રી વિજયભાઈ વિનોદરાય પરમાર

*ખજાનચી* : શ્રી રાધેભાઈ દામોદરદાસ સોલંકી

**કારોબારી સભ્યશ્રીઓ :**

શ્રી મહેશભાઈ શાંતિલાલ છત્રાળા

શ્રી વ્રજેશભાઈ વસંતભાઈ હેડાવ

શ્રી ભૂપેનભાઈ પી. પરમાર

શ્રી પૂજન મહેશભાઈ પરમાર

શ્રી રાજુભાઈ કરશનભાઈ બુધ્ધ

શ્રી શ્યામલ રાધેભાઈ સોલંકી

શ્રી મિરલ પ્રકાશભાઈ પરમાર

શ્રી રીતેશભાઈ વિનુભાઈ બુધ્ધ

શ્રી ધૈવતભાઈ બિપીનભાઈ બુધ્ધ

**સલાહકાર બોર્ડ :**

ડૉ. ડી.એન. બારમેડા

શ્રી કરશનભાઈ દામોદરદાસ બુધ્ધ

શ્રી દિનેશભાઈ રમણિકલાલ બુધ્ધ


રાજેશભાઈ
મહારાણીદાસ બુધ્ધભટ્ટી
પ્રમુખ


પરેશભાઈ
કાકુભાઈ બુધ્ધભટ્ટી
ઉપપ્રમુખ


મધુભાઈ
અનુલાલ પરમાર
મંત્રી


વિજયભાઈ
વિનોદરાય પરમાર
સહમંત્રી


રાધેભાઈ
દામોદરદાસ સોલંકી
ખજાનચી


ડૉ. ડી.એન. બારમેડા
સલાહકાર બોર્ડ


કરશનભાઈ
દામોદરદાસ બુધ્ધ
સલાહકાર બોર્ડ


દિનેશભાઈ
રમણિકલાલ બુધ્ધ
સલાહકાર બોર્ડ

*જમાનો જ્યારે પાછળ હતો, વિજ્ઞાન જ્યારે વિકસિત થયું નહોતું ત્યારે મારા ઘરના દરવાજા પર "ભલે પધાર્યા" – આવા લખાણવાળું બોર્ડ હતું. આજે જમાનાએ અને વિજ્ઞાને ખૂબ વિકાસ કર્યો છે. હું પણ ભણી-ગણીને ચાલાક થઈ ગયો છું. "રજા સિવાય અંદર આવવું નહી" – આવા લખાણવાળું બોર્ડ મારા ઘરના દરવાજા પર આવી ગયું છે.*

## જ્ઞાતિ સમાચાર

# શ્રી મારૂ કંસારા યુવા પ્રગતિ મંડળ - જુનાગઢ

## YPM GROUP આયોજીત શ્રી બંધનાથ મહાદેવ દર્શન, પર્યટન, આનંદોત્સવ



જ્ઞાતિજનો વચ્ચે પરિચય, આત્મીયતા અને સ્નેહભાવ વધે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા વખતોવખત સુંદર, પ્રાકૃતિક સ્થળો પર પર્યટનોનું વિશિષ્ટ આયોજન કરવામાં આવતું હોય છે. આવી જ રીતે આ વખતે જુનાગઢ અને આસપાસના ગામોમાં વસતા જ્ઞાતિ પરિવારો તથા મહેમાનો માટે રવિવાર, તા. ૧૪-૮-૨૦૨૨ના રોજ જુનાગઢથી નજદીક આવેલા અત્યંત સુંદર, પ્રાકૃતિક અને પૌરાણિક સ્થળ શ્રી બંધનાથ મહાદેવ મંદિર ખાતે પર્યટન, સમૂહ વન ભોજન, આનંદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુનાગઢ ઉપરાંત કેશોદ, માણાવદર, જેતપુર, જામનગર, જામજોધપુર, રાજકોટ, બોટાદ, ગાંધીનગર, વલસાડ વગેરે સ્થળોએથી કુલ ૧૦૦થી પણ વધુ જ્ઞાતિજનો, બાળકો, વડીલો, યુવકો અને યુવતીઓ... ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

વર્ષાઋતુમાં ચોમેર ખીલેલી પ્રકૃતિની ગોદમાં આવેલ બંધનાત મહાદેવના સન્મુખ દર્શનનો લાભ લઇ ચા-પાણી પછી... મધુવંતી નદીના સતત વહેતા નિર્મળ નીરમાં સ્નાન કરવાનો આનંદ સૌએ બાળકોની સાથે બાળક બનીને મન ભરીને ઉઠાવેલ! પાણીમાં તોફાન, મસ્તી, રમતો... મોજે મોજ! આમાં ને આમાં બપોરના ભોજનનો સમય થઈ ગયો હોવા છતાં અને કકડીને ભૂખ લાગી હોવા છતાં પણ બધાને પાણીમાંથી બહાર કાઢવામાં ખાસ્સી એવી જહેમત ઉઠાવવી પડી હતી.

સંસ્થા તરફથી સ્થળ પર જ ગરમાગરમ સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌએ સાથે મળીને 'સમૂહમાં વન ભોજન'નો આનંદ માણ્યો હતો.

ત્યારબાદ... પરિચય વિધિ... સમૂહ ગોષ્ઠિ... ગીત સંગીત... જેમાં હાજર રહેલા YPM MUSIC GROUPના સભ્યોએ ખૂબ જ સૂરીલા ગીતોની રમઝટ બોલાવી વાતાવરણ સંગીતમય બનાવી દીધું હતું. આ શુભ અવસરે હાજર રહેલા સૌ રાષ્ટ્રપ્રેમી જ્ઞાતિજનોએ ''આઝાદીના અમૃત મહોત્સવ'' નિમિત્તે સમૂહમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી, ઉજવણી કરીને પોતાની રાષ્ટ્રભાવના વ્યક્ત કરી હતી. પ્રસંગની યાદગીરી રૂપે ગ્રુપ ફોટા અને ડ્રોન કેમેરા દ્વારા વીડિયોગ્રાફી



જુનાગઢનાં યુવાન જશરાજ મેવચા દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે રાષ્ટ્રગીત ''જન ગણ મન અધિનાયક જય હૈ...''નું સમૂહગાન કરવામાં આવેલ.

ત્યાંથી નજીકમાં જ આવેલા અન્ય એક સુંદર સ્થળ ''અંબેશ્વર'' મંદિરે દર્શન કરી ચા-પાણી પછી સુમધુર યાદોના ખજાના સાથે સૌએ ઘર તરફ પ્રયાણ કરેલ.

આ સુંદર, સફળ આયોજનમાં સંસ્થાના કાર્યકરો ઉપરાંત સૌ જ્ઞાતિજનો તરફથી સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયેલ. માઇક, મ્યુઝીક સિસ્ટમની વ્યવસ્થા કેશોદના પ્રકાશભાઈ બારમેડાએ કરી હતી. સૌ માટે તિરંગા અને ફૂલની પાંખડીઓની વ્યવસ્થા જેતપુરના રામજીભાઈ બારમેડાએ કરી હતી. ઉપરાંત લગભગ દરેક પરિવારોએ સંસ્થાના કાર્યને બિરદાવી આર્થિક સહયોગ કરેલ છે. સૌનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર... ધન્યવાદ...

# જ્ઞાતિ સમાચાર

## સગપણ ગ્રુપ મિલન

નારાયણભાઈ પરમાર - ખોંભડી

**શ્રી સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિ સગપણ ગ્રુપને ૧ વર્ષ પૂર્ણ થતાં ગ્રુપ પરિવાર દ્વારા એક નવતર પ્રયોગ**



ગત તા. ૩૧-૭-૨૦૨૨ ના રોજ સાંજે ભારાપર (ભુજ) નીલકંઠ ફાર્મ મુકામે શ્રી સમસ્ત મારૂ કંસારા સોની સમાજ સગપણ ગ્રુપ દ્વારા નવી પેઢીના સમાજભાવ ધરાવતાં કર્મશીલ યુવાનો દ્વારા જમાના સાથે ટેકનોલોજીકલ તાલમેલ સાધતા સોશિયલ મીડિયાનો હકારાત્મક ઉપયોગ કરતાં વોટ્સએપ માધ્યમથી સમાજનું સગપણ ગ્રુપ ઉમદા ભાવ સાથે સારી રીતે ચલાવાય છે ત્યારે આપણે આગળની સેવા કેમ વધારી શકાય એ માટેની એક મિટીંગ અને એડમિન ભાઈ-બહેનો દ્વારા ફેમિલી મિલન યોજવામાં આવ્યું.

આ કાર્યક્રમની શુભ શરૂઆત આપણા સમાજનાં કુળદેવી મા કાલીકાને યાદ કરી કરવામાં આવી. ઉર્વશીબેન મૈચા દ્વારા દરેકને વેલકમ આવકારી, શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ દરેક લોકોએ પોતપોતાનો પરિચય આપ્યો હતો.

ત્યારબાદ પિંકીબેન કટ્ટાએ આ ગ્રુપની રૂપરેખા વર્ણવેલ અને જણાવ્યું હતું કે કોઈપણ રચનાત્મક કામ ગમે ત્યારે, ગમે ત્યાંથી, ગમે તે રીતે શરૂ કરી શકાય છે. એવા જ એક ઉદાહરણ આપણા સગપણ ગ્રુપે પૂરૂં પાડ્યું છે અને મિત્રો પણ ધન્યવાદને પાત્ર છે. લોકોને આ ગ્રુપ બનાવવાનો વિચાર આવ્યો એવા ભાશ્રી અને પાયાના પથ્થર અને એવા ઉમદા વિચાર ધરાવતા બ્રેગીનભાઈ, નારાણભાઈ, પ્રફુલ્લભાઈ દ્વારા આ ગ્રુપ બનાવ્યું. એમનાં વિચારને યોગ્ય વિચાર ગણી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બહેને જણાવ્યું કે આપણા સમાજના યુવાનોમાં વ્યસન એક ફેશનનો રોગ બની રહ્યો છે. તો દરેક માતાઓ, બહેનો અને વહુઆરુને વિનંતી કે આપણા ઘરની અંદર વ્યસન



ન પ્રવેશે એટલે જાગૃત બનો.

હેમેન્દ્રભાઈએ સમાજનાં વિકાસ અને ઉન્નતિ માટે જે સેવકો કામ કરે છે એમને બિરદાવ્યા હતા અને એમનાં અનુભવો વ્યક્ત કર્યા હતા અને કહ્યું હતું કે આ ગ્રુપ એક પ્રેરણારૂપ ગ્રુપ કહેવાય કારણકે આ ગ્રુપમાં નથી કોઈ પ્રમુખ કે નથી કોઈ હોદ્દેદારો અને ત્યારે જ 'પરિવાર' નામ આપવામાં આવ્યું છે. જ્યાં પરિવાર હોય ત્યાં હોદ્દા ન હોય. પરિવાર વિશે ખૂબ સરસ સમજાવ્યા હતા.

સાથી મિત્રો, કામ કરે એની જ ભૂલ થાય, એની જ ટીકા થાય. પણ આપણે ઉદાર દિલે માફ કરવા જોઈએ. ટીકા અને નિંદા નિષ્ઠાવાન કાર્યકરને હતાશ અને નિરાશ બનાવે છે. કાર્યકરોને પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર હોય છે. કોઈપણ કામ કરે છે એની ભૂલ થાય. બાકી ભૂલ શોધવાવાળા ભૂલ શોધવાના જ છે. એની ચિંતા છોડીને કામ કરતા રહો અને અમારી જે

જગ્યાએ જરૂર પડે એ જગ્યાએ યાદ કરશો તો અમે આપને ઉપયોગી થઈશું.

હીરાલાલભાઈએ પોતાના આગવા અંદાજમાં જણાવ્યું હતું કે આ ખાલી સગપણ ગ્રુપ નહીં, પણ સાથે એક પરિવાર ગ્રુપ બન્યું છે. ત્યારે દરેક લોકો તન, મન અને ધનથી પોતાનો સમય કાઢી આપે છે તેને આપણે ખરા દિલથી બિરદાવવું જોઈએ. દાતાઓ મળશે અને મળે છે પણ સાચા નિષ્ઠાવાન અને ઘસાઈ છૂટે એવા સંન્નિષ્ઠ કાર્યકરો મળતા નથી. સેવા આપે છે એ દરેક લોકોની નજર સમક્ષ જ હોય છે. દરેક કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા. સાથે કહ્યું હતું કે જે જગ્યાએ અમારા માર્ગદર્શનની જરૂર પડે ત્યાં વિના સંકોચે અમને જાણ કરશો.

વસંતભાઈ પોમલે જણાવ્યું હતું કે આ ગ્રુપ સારી એવી પ્રગતિ કરી રહ્યો છે ત્યારે બહારથી આપણા સમાજનાં ઘણા લોકોની શુભેચ્છાઓ આવતી હોય છે અને જો આગળનો કાર્યક્રમ માટે દીકરા - દીકરીઓનો પસંદગી મેળો યોજવામાં આવે તો લોકોને ફાયદારૂપ થાય એવું એમનું સૂચન રજૂ કર્યું હતું.

પ્રફુલ્લભાઈ કંસારાએ જણાવેલ કે આ ગ્રુપ દ્વારા જોઈન્ટ થવા માટે કોઈ પણ ચાર્જ લેવામાં આવતો નથી અને દરેક ગામે ગામથી લોકો જોડાય તો આપણો બાયોડેટા દરેક લોકો સુધી પહોંચે. હજુ દીકરીઓના બાયોડેટા મોકલવામાં લોકો બહુ ઉદાસીનતા દાખવી રહ્યા છે.

આ ગ્રુપ આપણું અને આપણાં પરિવારનું છે એમ સમજી વધારેમાં વધારે બાયોડેટા આપો એવી વિનંતી સમાજના લોકોએ કરી હતી.

બ્રેગીનભાઈએ દરેક એડમિન ભાઈઓ, જે પોતાનો સમય કાઢી સાથ અને સહકાર આપે છે એ દરેક ભાઈ-બહેનોને અભિનંદન આપ્યા હતા અને જણાવ્યું હતું કે તેઓ આ રીતે સહકાર આપતા રહેશે તો આપણે વધારેમાં વધારે સેવા આપતા રહીશું અને તદુપરાંત સગપણ ગ્રુપમાં સામાજીક ચેતના સંજીવિત કરતા નારાણભાઈ પરમાર દ્વારા જે લેખો મોકલાય છે, પ્રબુધ્ધ વર્ગ દ્વારા સામાજીક - પ્રેરક લેખો, નારી શક્તિ, પ્રતિબિંબ કવિતાઓ, પ્રેરક પંક્તિઓ તેમજ સાહસિક સામાજીક કૃતિઓ પણ સાંપ્રત સમયની માંગ અનુસાર સામાજીક જાગૃતિ અર્થે જે લેખ લખાય છે એ પણ બહુ ઉપયોગી લેખ લખવામાં આવે છે. એને પોઝીટીવ વિચારધારાવાળા લોકોના ફોન આવે છે કે આવા લેખો મોકલતા રહેજો... તો આપણે નારાણભાઈને કહેશું કે ટાઈમ કાઢીને આપના વિચારો મોકલતા રહેશો.

*પાણીની સપાટી ઉપર પેદા થયેલા પરપોટા ભલે ગમે તેટલા સુંદર દેખાય પણ જીવનની નૌકાનો ભાર આ પરપોટા ઉપાડી શકતા નથી.*

## જીંદગીની શીખ

'જીંદગી' – એક એવો શબ્દ જેને પૃથ્વી પર વસતો દરેક જીવ અલગ અલગ રીતે મહેસુસ કરે છે અને આ જીંદગી માટે એવું કહેવાય છે કે તે ઘણું બધું શીખવી જાય છે અને ઘણા લોકો એવું પણ કહેતા હોય છે કે જીંદગીમાં બનનારા દરેક કિસ્સામાંથી આપણે કંઈક નવું જ શીખવું જોઈએ. અને આ વાત ક્યાંક ને ક્યાંક સાચી પણ છે. કારણકે શીખેલું ક્યારેય વેડફાતું નથી. એટલે કે જીંદગીની દરેક શીખ આગળ જીંદગીમાં ક્યાંક ને ક્યાંક કામ આવતી જ હોય છે.

હા, આ વાત જુદી છે કે એક જ ઘટનામાંથી દરેક વ્યક્તિ કંઈક ને કંઈક અલગ જ શીખતી હોય છે. પરંતુ એ વાત ખરી છે કે શીખ જરૂર છે. આ શીખવાની કશ્મકશમાં ઘણીવાર આપણે ક્યાંક ને ક્યાંક ખોવાઈ પણ જઈએ છીએ. આપણે એક ધારણા બાંધી દઈએ છીએ કે જીંદગીની ઘટના આપણે કંઈક ને કંઈક શીખવાડશે અથવા તો કોઈક વ્યક્તિ એ ઘટના દ્વારા કંઈક શીખવી જશે.

પણ ખરેખર એવું હોય છે ખરું? શું દરેક વખતે આપણને શીખવાડવા કોઈક હોવો જોઈએ? શું ખરેખર દરેક વખતે કંઈક શીખવાનો ઉદ્દેશ હોવો જોઈએ? આવા તો કેટલાય પ્રશ્નોનો જવાબ કદાચ 'ના' હોઈ શકે. કારણકે દરેક વખતે કંઈક શીખવા મળશે એની રાહ જોઈને જ ન બેસી રહેવાય. જો એવી રાહ જોવા બેસી જઈએને, તો કદાચ કેટલુંય પાછળ છૂટી જાય.

અમુક વખતે જીંદગીની એ ઘટના, એ કિસ્સા કે પછી એ અમુક ક્ષણને ફક્ત સાચા મનથી માણી લેવી જ કાફી હોય છે. બસ, અમુક વખતે માણી લીધેલી એ ક્ષણ જ આપણને જીંદગીમાં અટકવા નથી દેતી. શીખવું શીખવાની ભાષામાં કહીએ તો સાચા મનથી માણેલી આ ક્ષણ ઘણીવાર બહુ બધું શીખવી જતી હોય છે.

અને એવી જ રીતે આ આખી વાતની શીખ પણ એ જ છે કે દરેક વખતે કંઈક મેળવ્યા કરતા કંઈક માણી લેવું વધુ જરૂરી હોય છે. તો મેળવવાની રેસમાં માણવાનું ઉમેરી દઈશું તો મેળવવાની રેસ કદાચ વધુ આનંદદાયક બની જાય.

***પૂજા ભરતભાઈ કટ્ટા - નખત્રાણા***

*મહાભારતના યુદ્ધમાં પાંડવોને મળેલ વિજય કોને આભારી હતો? કૃષ્ણને? ના. યુદ્ધ દરમિયાન એમણે તો એક પણ શસ્ત્ર હાથમાં ઉઠાવ્યું નથી. તો પછી કોને? અર્જુનને? ના. એની પાસે તો યુદ્ધવ્યૂહની કોઈ સમજ જ નહોતી.*

*જાણકારી કૃષ્ણની અને સક્રિયતા અર્જુનની. – આ બે પરિબળોએ પાંડવોને વિજય અપાવ્યો છે. કર્મસત્તા સામેના સંગ્રામમાં વિજય મેળવવો છે? જ્ઞાનરૂપી કૃષ્ણ અને ક્રિયારૂપી અર્જુનને મેદાનમાં ઉતારી દો. પરાજયની કોઈ જ સંભાવના નથી.*

# વિદ્યાસેતુ

## સમાજના વિદ્યાર્થીઓને મળ્યો 'વિદ્યાસેતુ'નો સહયોગ

**અરવિંદભાઈ મારૂ, ચેરમેન - વિદ્યાસેતુ**



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા સંચાલિત 'વિદ્યાસેતુ' કાર્યક્રમનો ઉદ્દેશ આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થી અને સમાજના શ્રેષ્ઠીઓ વચ્ચે સેતુરૂપ બની તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દીમાં સહાયરૂપ થવાનો છે. સામાન્ય રીતે ધોરણ ૧૦ થી ૧૨ સુધીનો સમયગાળો અભ્યાસ માટે ખૂબ મહત્ત્વનો હોય છે અને તે સમયમાં શિક્ષણનો ખર્ચ પણ વધુ હોય છે. આ સમયે જો આર્થિક રીતે જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને કોઈ સહાય મળી જાય તો તે અભ્યાસમાં જરૂર પ્રગતિ કરી શકે. વિદ્યાસેતુ યોજના મુજબ ધોરણ ૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દાતાઓ તરફથી વિદ્યાદાન સ્વરૂપે આર્થિક સહાય કરવામાં આવે છે. આ યોજનાની વિશેષતા એ છે કે વિદ્યાર્થી અને દાતા વચ્ચે એક લાગણીનો સેતુ બંધાય છે. દાતાશ્રી પસંદગી પામેલ એક કે વધુ વિદ્યાર્થીના અભ્યાસના આ મહત્ત્વના ત્રણ વરસના સમયગાળા માટે નાણાંકીય સહાય કરે છે. તે ઉપરાંત જે તે વિદ્યાર્થીના શૈક્ષણિક દેખાવને પણ જાણી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સમયગાળા માટે દાતા વિદ્યાર્થીના ભણતર માટે તેને દત્તક લે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે, યોજનાના વિવિધ શહેર / ગામના સંયોજકો દ્વારા કુલ ૧૨ વિદ્યાર્થીઓની અત્રે ભલામણ કરવામાં આવી હતી. જે અંગે સમાજના દાતાઓ પાસે અપીલ કરતાં ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો અને ઉક્ત બધા જ વિદ્યાર્થીઓ દત્તક લેવા અને આર્થિક સહાયતા કરવા માટે સમાજના ઘણા દાતાઓ દ્વારા તૈયારી દર્શાવવામાં આવી.

આ યોજના અંતર્ગત જે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની અરજી મળેલ તેની ચકાસણી કરી તેમની જરૂરિયાતને ધ્યાનમાં લઈ સહાય મંજુર કરવામાં આવેલ. તે મુજબ નખત્રાણાના ત્રણ વિદ્યાર્થીઓને રૂા. ૨૮,૫૫૦/-, માધાપરના બે વિદ્યાર્થીઓને રૂા. ૧૮,૦૦૦/-, અંજારના ત્રણ વિદ્યાર્થીઓને રૂા. ૪૫,૦૦૦/- ભુજના એક વિદ્યાર્થીને રૂા. ૩,૦૦૦/-, ગઢશીશાના એક વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/-, ઘડાના એક વિદ્યાર્થીને રૂા. ૩,૦૦૦/- અને આદિપુરના એક વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/- સહાયના કુલ રૂા. ૧,૧૯,૫૫૦/- (અંકે રૂપિયા એક લાખ ઓગણીસ હજાર પાંચસો પચાસ પૂરા) સીધે સીધા જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે.

'વિદ્યાસેતુ' યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વ. લાલજી પુરૂષોત્તમ પરિવાર - ભુજ, શ્રી નિખિલભાઈ સોની - ભુજ, શ્રી હરિલાલ લખમશી વીસાપરમાર પરિવાર - અંજાર, શ્રી તુલસીદાસભાઈ કંસારા - અમદાવાદ, શ્રી સુરેશભાઈ પુરૂષોત્તમભાઈ વીસાપરમાર પરિવાર - અંજાર, સ્વ. અનિલભાઈ મગનલાલ ચનાણી પરિવાર હ. ભાવનાબેન - ભુજ, ગં.સ્વ. લીલાબેન જેઠાલાલ સોની - તલોદ, સ્વ. મગનભાઈ વલમજી બારમેડા પરિવાર - રાયપુર, અમેરિકા નિવાસી એક સહૃદયી દાતાશ્રી હ. મનુભાઈ કોટડિયા તથા મંજુલાબેન શાંતિલાલ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ. આર્થિક સહયોગ આપનાર દરેક દાતાશ્રીઓનો શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વિશેષ આભાર વ્યક્ત કરે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંયોજકો (૧) સુધાબેન બુધ્ધભટ્ટી - ભુજ, (૨) પિંકીબેન કટ્ટા - અંજાર, (૩) હેતલબેન પોમલ - નખત્રાણા, (૪) શોભનાબેન સોની - અમદાવાદ, (૫) દીપાબેન સોની - તલોદ તેમજ (૬) કુ. ઉર્વશીબેન મૈચા - માધાપર દ્વારા ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. તેઓએ ઉપરોક્ત દરેક વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી, નિયત પત્રકમાં જરૂરી માહિતી મેળવી, યોગ્ય ચકાસણી કરી, દરખાસ્ત અત્રે મોકલી આપવામાં આવેલ હતી. ત્યારબાદ દાતાશ્રી દ્વારા જે તે લાભાર્થીના ખાતામાં જરૂરી રકમ સીધેસીધી જમા કરાવવામાં આવી હતી. દરેક સંયોજકો તથા કુ. ઉર્વશીબેન મૈચા - માધાપર દ્વારા અંગત રીતે રસ લઈ જે તે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયામાં, અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રીની ખરીદીમાં સાથે રહી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આવી સુંદર કામગીરી માટે શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ ઉપરોક્ત દરેક સંયોજક તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે. આશા છે કે આવનારા વર્ષોમાં સમાજના શ્રેષ્ઠીઓની સાથે રહીને સમાજના વધુ ને વધુ વિદ્યાર્થીઓને અભ્યાસ સહાયરૂપ ઉપયોગી કાર્યક્રમોને આવી જ રીતે સફળતાપૂર્વક પૂર્ણ કરીશું.



# આપણાં પરિવારો – (૩૫)

તુલસીદાસ કંસારા – અમદાવાદ

## ડૉ. હરિલાલ બુદ્ધભટ્ટીનો પરિવાર

આપણા પરિવારોમાં વિતેલા જમાનામાં ડોક્ટરો ભાગ્યે જ થતા અને આમ તો કચ્છમાં તે સમયે ડોક્ટરોની અછત હતી. તેવા સમયે કચ્છના ડો. તાસ્કર ભણેલા અને સેવા કરવાની ધગશ ધરાવતા યુવાનોને બેઝીક ટ્રેઈનિંગ આપી અને ગામડાઓમાં સેવા આપવા મોકલી આપતા. આ ડોક્ટર એક ગામમાં સ્થિર થઇ અને પછી આજુબાજુના ગામડાઓમાં સેવા આપતા. આવા એક ડોક્ટર આપણા સમાજમાં ભુજ તાલુકાના, આશરે પંદર કિ.મી.ના અંતરે આવેલ ઢોરી ગામમાં થઇ ગયા. જેમનું નામ ડો. હરિલાલ દેવશી. આ પરિવારમાં તેઓ બીજી પેઢીના ડોક્ટર હતા. પ્રથમ પેઢીએ તેમના પિતાશ્રી દેવશીભાઈ પણ દાક્તરીનું કામકાજ કરતા. હરિલાલભાઈને છ દીકરીઓ અને એક પુત્ર હતા. હરિલાલભાઈના ભાઈ મોહનભાઈ દેવશી અમદાવાદમાં ટાટા ઓઈલ મિલ કંપનીમાં કામ કરતા. તેઓ ઠાકરશીભાઈ ન્યાયાધીશની દીકરી કંકુબેન જોડે પરણેલ હતા. પરંતુ આપણે આજે વાત કરવાની છે, તેમના ભત્રીજા ડો. હરિલાલભાઈ દેવશીના પુત્ર બિહારીલાલ બુદ્ધભટ્ટીની. જેઓ અન્ય સંબંધે મોહનલાલભાઈના સાઢુભાઈ થતા હતા. તેઓના લગ્ન પણ ઠાકરશીભાઈ ન્યાયાધીશની સૌથી નાની દીકરી નિર્મળાબેન સાથે થયેલ હતા.



બિહારીલાલ બુદ્ધભટ્ટી

આ બિહારીલાલ મેટ્રીક પાસ કરીને ૧૯૬૨ની સાલમાં બેંક ઓફ ઈન્ડિયામાં ક્લાર્ક તરીકે જોડાયેલ અને પછીથી ગ્રેજ્યુએટ થઇ ૩૦ વરસની નાની વયે બ્રાંચ મેનેજર સુધીની કક્ષાએ પોતાની કૌશલ્યપૂર્વકની કામગીરીને કારણે પહોંચી અવિરત સેવા આપેલ. તેઓ પ્રામાણિકતાની મૂર્તિ હતા. તેથી જ તેમના લાંબાગાળાની ઝળહળતી કામગીરીના સમયમાં તેમના પર કોઈ દાગ લાગેલ નહીં. તે સમયે બેંકનો વિસ્તાર થઇ રહેલ હતો. તેમાં અનેક નવી શાખાઓ ખોલવાનો શ્રેય તેમને મળેલ. તેમણે બેંકમાં વિવિધ પોઝીશનોમાં; સૌરાષ્ટ્રમાં રાજકોટ, આટકોટ, વડિયા, સુલતાનપુર; કચ્છમાં કેરા, દેશલપર; મધ્ય પ્રદેશમાં ઇંદોર, ભોપાલ, ધાર ઇત્યાદિ સ્થળોએ સેવાઓ આપેલ. તેમણે એ નોકરીની શરૂઆત ભુજ બ્રાંચમાંથી કરેલ અને નિવૃત્ત રાજકોટની બ્રાંચમાંથી થયેલ. આ નોકરીના ઈન્ટરવ્યુની પણ એક રસપ્રદ વાત છે. તેઓ બેંક ઓફ ઈન્ડિયામાં ઈન્ટરવ્યુ આપવા માટે મુંબઈ હંસરાજભાઈ – તેમના સાળા સાથે ગયેલ કારણકે હંસરાજભાઈનો પણ તે જ સમયે બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી માટે ઈન્ટરવ્યુ હતો અને હંસરાજભાઈની ઉંમર અને શૈક્ષણિક લાયકાત વધારે હતી કારણકે તેમણે ઈન્ટર સુધીનો અભ્યાસ કરેલ હતો. તે સમયે બેંકની નીતિ એવી હતી કે ક્લાર્કની નોકરીમાં મેટ્રીક સુધી ભણેલાને જ લેવા. જેથી તેઓ કાયમી ધોરણે ટકી રહે, નોકરી છોડી જતા ન રહે. આ કારણે બિહારીલાલને નોકરી મળી ગઈ!

બિહારીભાઈ માત્ર બેંકના કર્મવીર જ ન હતા, તેઓ એક નીવડેલ કલાકાર પણ હતા. તેમણે ભજવેલ શેરી નાટકોમાં રાજા ભરથરીનું પાત્ર હોય કે પછી પૃથ્વીરાજ ચૌહાણ કે તભા ભટ્ટનું, તેઓ તેમાં પ્રાણ પૂરી તેને જીવંત બનાવી બખૂબીથી ભજવી જાણતા. તેઓને સંગીતમાં પણ તેટલો જ રસ હતો.

પરંતુ આજે આપણે બિહારીલાલભાઈને યાદ એટલા માટે કરવાના છે, કે તેઓ બેંકમાં નોકરી કરતાં અન્ય પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા. ખરેખર તો તેમનું સાચું જીવન તો વાનપ્રસ્થાશ્રમ અવસ્થાએ પહોંચ્યા બાદ આધ્યાત્મિક ક્ષેત્રે પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયા ત્યારથી શરૂ થયું. તેઓ દાદાની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેતા હતા. આ ઉંમરે તેઓ યુવાનોને શરમાવે તેવા અદમ્ય જુસ્સા અને ઉત્સાહથી આટકોટથી અલ્હાબાદની સ્કુટર રેલીમાં જોડાયેલ. આવી પ્રવૃત્તિમાં તેઓ એક અદના પ્રભુના સૈનિક તરીકે જ્યાં જ્યાં પ્રભુનું કાર્ય કરવાનું હોય ત્યાં જોડાઈ જતા. પછી તે ભરૂચ હોય, મુંબઈ હોય કે ઇંદોર. આવી જ રીતે અન્ય પ્રવૃત્તિ હતી સ્વાધ્યાય ફેરી. જેમાં અઠવાડિયાના ચોક્કસ દિવસે આવા કાર્યકરો નક્કી કરેલ ગામડે જાય. ત્યાંના સ્વાધ્યાય પરિવારના લોકો તેમાં જોડાય અને પછી ગામમાં ભજન - કીર્તન કરતા ફરે. આ ફેરી પૂરી થાય પછી ગામના ચોરે બેસીને તત્ત્વજ્ઞાનની વાતો કરવામાં આવે અને

આવી જ્ઞાનની વાતો કરવાની આગેવાની સ્વ. શ્રી બિહારીલાલભાઈ તેમના ધર્મપત્ની સાથે લેતા હતા. આ ઉપરાંત દાદાનો આ સ્વાધ્યાય પરિવાર વૃક્ષારોપણની પ્રવૃત્તિ પણ કરતો. જેને નામ આપવામાં આવેલ : "વૃક્ષ મંદિર." રાજકોટની આસપાસના ગામડાઓમાં આવા વૃક્ષ મંદિર ઊભા કરવામાં તેમનો સિંહફાળો હતો. કચ્છમાં વાંઢાય અને નલિયામાં આવા ઉપવનો દાદાએ વિકસાવેલ છે. બિહારીલાલભાઈ સેતુમાં નિયમિત રીતે લખતા અને તેમના મુખ્ય વિષયમાં અધ્યાત્મ, સ્વાધ્યાય અને ધાર્મિક બાબતો રહેતી. બિહારીભાઈ માટે એમ કહી શકાય કે – "***यस्मिन जीवति जीवन्ति बहवः स तु जीवती***" અર્થાત્ "જેના જીવવાથી ઘણા લોકો જીવે છે તેને જીવ્યો કહેવાય."

એમના પરિવારમાં બે પુત્રો છે. મોટો પુત્ર ભરત રાજકોટ ટ્રાન્સપોર્ટ કંપનીમાં છે અને નાનો પુત્ર રાજુ નાસીકમાં અંબુજા સિમેન્ટ કું.માં કાર્યરત છે. બિહારીભાઈના ધર્મપત્ની નિર્મલાબેનનું ગત વર્ષે અવસાન થઈ ગયેલ છે.

બિહારીલાલભાઈને "સેતુ" તરફથી આપવામાં આવેલ સ્મરણાંજલીમાં લખવામાં આવ્યું કે :

*"વિધિની વિચિત્રતા તો એ છે કે ૧૯ જુનના રોજ બંને પતિ-પત્ની ભક્તિફેરીમાં લખનૌ (ઉત્તરપ્રદેશ) જવાના હતા. જેની ટિકિટ આજે પણ આંસુ સારે છે! તેજ દિવસે રાત્રે આ પ્રભુનો પ્યારો સાચેસાચ 'પ્રભુનો પ્યારો' થઈ ગયો! છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટનું વૃક્ષ મંદિર તેની ભક્તિનું રસપાન કરી રહ્યું હતું. ૨૦મી ઓક્ટોબરના દિવસે આ વૃક્ષો પણ પોતાના આ લાડલા સાથીદારની ચીર વિદાયથી ગમગીન બની ગયા હોય તેવું ભાસતું હતું.*

*કુટુંબના સેનાપતિ, બેંક ઓફ ઈન્ડિયાના સંનિષ્ઠ કર્મચારી, સ્વાધ્યાય પરિવારના લાડલા અને પ્રભુના પ્યારા અમારા આ ભીષ્મપિતા સમ યોદ્ધાને સ્મરણાંજલિ અર્પતા હૃદય ભાવથી ભરાઈ જાય છે. ભગવાન પાસે પણ 'વટ'થી ગયા છે કારણ મૃત્યુનો ડર તેને હોય જેણે જીવનમાં કુટુંબ માટે, સમાજ માટે કે ભગવાન માટે કંઈ કર્યું ન હોય! આ કર્મવીર તો છેલ્લા ૨૦ વર્ષથી દેવોના દેવ મહાદેવ શ્રી અમરનાથના ચરણમાં પણ ૪૦-૪૫ લોકોને સાથે લઈ માથું ટેકવતા. ખરેખર આ અમરનાથ યાત્રી પોતાના કર્તૃત્વથી અમર થઈ ગયો! ભાવ, ભક્તિ અને કૃતિ ભક્તિનો જેણે પોતાના જીવનમાં સમન્વય કર્યો.*

*'જ્ઞાતિસેતુ' પરિવાર સ્વ. બિહારીલાલ બુદ્ધભટ્ટીને હાર્દિક અંજલી આપે છે."*

## સંપ – સંગઠન – સમાજ : ભાગ-૨

આપણે જોયું કે સંપ અને સંગઠનના લીધે સમાજને મજબૂત અને વિકાસશીલ બનાવીએ છીએ. સમાજના દરેક વ્યક્તિમાં રહેલી આવડત ખૂબીમાં છૂપાયેલી હોય છે, જે બહાર લાવવામાં આવે તો સમાજની ઉન્નતિમાં ચાર ચાંદ લાગી જાય. વિકાસશીલ સમાજમાં ઘણા પ્રશ્ન પણ હોય છે. જેમકે હાલની પરિસ્થિતિમાં જોઈએ તો સગપણ, લગ્ન સૌથી મોટો પ્રશ્ન છે. આજકાલ સમાજમાં દિકરા - દીકરીના લગ્ન કરવામાં ખૂબ જ તકલીફ થાય છે. આપણા સંતાન ભણવાની ઈચ્છામાં બહારગામ જવા લાગ્યા છે. પણ બહાર જવાને લીધે સમાજની દરેક પ્રવૃત્તિથી વંચિત રહી જાય છે અને બહાર પોતાની અલગ દુનિયા બનાવવા લાગ્યા છે.

સમાજમાં ભણતરનું સ્તર વધવા લાગ્યું છે પણ ગણતરના સ્તરમાં જે ઘટાડો આવ્યો છે તે દેખી નથી શકાતો. આપણા સંતાન ભણેલા હોય તો સામેનું પાત્ર પણ ભણેલું હોય તેવી આશા રાખે છે. કદાચ સામેનું પાત્ર ઓછું ભણેલું હોય તો સ્વીકારતા નથી. તે કેટલું ભણેલો છે, તેના કરતા તેનું ઘડતર, ઘર, પરિવાર વિશે વિચારતા નથી. કદાચ ઓછા ભણેલા હશે પણ ઘર ખાનદાન હોય, વ્યવસાય સારો હોય તો શું વાંધો?

એ જ રીતે છોકરો ભણેલો હોય ને છોકરીનું ભણતર ઓછું હોય તે નથી ચાલતું. છોકરી ભણેલી ના હોય તો ચાલતું નથી. બેમાંથી જો કોઈનું ભણતર ઓછું હોય તો કહેશે કે વિચાર ભળતા નથી. એવી વિચારસરણી બંધાઈ ગઈ છે. છોકરી ભણેલી જોઈએ ને નોકરી કરવા દેવી નથી. તો એમ કહીએ કે ઘર સંભાળે તો? છોકરીની ઈચ્છાનું શું?

થોડું ઘણું જતું કરતા જઈએ તો મન વિચાર ભળવા લાગે. છોકરા કહેશે, ભણેલી જોઈએ. ઘરના કહેશે નોકરી નહીં. તો ના મેળ આવે. બધાએ પોતપોતાના વિચારોમાં સમય સાથે બદલાવ લાવવો જોઈએ.

છોકરી શહેરમાં રહેતી હોય તો કહેશે, ગામડામાં નથી જવું. નહિતર કહેશે, ઘરના મકાન નથી, છોકરો ભણેલો નથી. આવું બધું આપણા સમાજમાં જોવા મળે છે. આપણે મા-બાપને સમજાવવાની અને આપણા સંતાનોની વિચારસરણી બદલવાની જરૂર છે. ઘણીવાર આપણી દીકરી આપણી પાસે રાખવાની ઈચ્છામાં યોગ્ય પાત્ર ગુમાવી બેસીએ છીએ. આગળ જતાં આપણને અહેસાસ થાય છે કે આપણી ભૂલ હતી. પણ ઘણું મોડું થઈ જાય છે.

આજકાલ સગાઈ કરીને તોડી નાખવી સામાન્ય વાત થઈ ગઈ છે. સગાઈ છોકરા-છોકરીની નહીં પરંતુ બે પરિવાર વચ્ચેનો સંબંધ છે. જે નાની અમથી વાતમાં તૂટવો જોઈએ નહીં. બંને પરિવારના માન-સન્માનની વાત હોય તો પણ સંતાનોના કહેવામાં આવીને તેને સાથ આપીએ છીએ, જે યોગ્ય નથી.

પહેલા એમ કહેતા કે દહેજ પ્રથા છે તે યોગ્ય નથી. દીકરીના બાપની હાલત સમજવી જોઈએ. જે રહેતા રહેતા નાબૂદ થઈ ગઈ.



પણ અત્યારે નાની વાતમાં સગાઈ તોડવાના ખર્ચાના રૂપમાં પૈસા માંગવામાં આવે છે તેનું શું? ઘણા એવા કિસ્સા સમાજમાં આવ્યા છે. તો એમાં છોકરાવાળાનો શું વાંક?

***આનંદી બારમેડા - કેશોદ***

# વ્યક્તિ અને વ્યક્તિત્વ

પ્રો. રસિકભાઈ મહિચ્છા - આદિપુર



આપણે દૈનિક જીવનમાં ઘણા લોકોના સંપર્કમાં આવીએ છીએ. તેમની સાથે વિવિધ પ્રકારના વ્યવહાર પણ કરતા હોઈએ છીએ. કોઈની સાથે પડોશી તરીકે, તો કોઈની સાથે મિત્રતાનો અને કોઈની સાથે વ્યવસાયીક કે સામાજિક વ્યવહારો કરતા હોઈએ છીએ. પરંતુ દરેક વ્યક્તિ આપણા પર એક પ્રકારની સર્વાંગી રીતે સારા અથવા ખરાબની છાપ છોડી જાય છે.

- **આવું શા માટે થાય છે?**

જ્યારે કોઈ પણ વ્યક્તિ સાથે આપણે કંઈક પણ કોમ્યુનિકેશન કરતા હોઈએ ત્યારે આપણું સબ કોન્સિયશ માઈન્ડ જે તે વ્યક્તિનું સારા/ખરાબનું મૂલ્યાંકન સ્વતઃ કરતું રહે છે અને તે મુજબ આપણા રીસ્પોન્સ અપાતા હોય છે.



સાદી ભાષામાં કહીએ તો આપણે સારા લાગતા માણસ સાથે સારી રીતે વર્તીએ છીએ જ્યારે લુચ્ચા, બદમાશ સાથે ભલે આપણે લુચ્ચા બદમાશ ના થઈએ તો પણ સાવધ રહીને વર્તતા હોઈએ છીએ. આવું દરેક માટે સ્વાભાવિક છે. તે એક પ્રકારની બિહેવિયરલ સાઈકોલોજી છે. જો કે આપણું વર્તન અન્ય ઘણી બાબતો પર આધારિત છે. જેવી કે આપણો અનુભવ, આપણું શિક્ષણ, આપણી મૂલ્યનિષ્ઠા, આપણો ધર્મ વગેરે કે જેની આપણે હાલ ચર્ચા નહીં કરીએ.

શા માટે કોઈ વ્યક્તિ આપણને સારી લાગે છે અને કોઈ વ્યક્તિ આપણને ખરાબ લાગે છે? અલબત્ત સારું અને ખરાબ પણ સબ્જેક્ટીવ છે. મતલબ કે આપણને સારી લાગતી વ્યક્તિ અન્યને ખરાબ પણ લાગી શકે છે, એ અલગ વાત છે. પણ એટલું તો ચોક્કસ છે કે દરેક વ્યક્તિનું એક આગવું વ્યક્તિત્વ હોય છે. જેને કારણે તે આપણા પર એક પ્રકારની છાપ ઊભી કરે છે, આપણને ઈમ્પ્રેસ કરે છે. તેમ છતાં તેના પર કેટલો વિશ્વાસ મૂકવો કે સાવધ રહેવું તે આપણા અનુભવ પર આધાર રાખે છે. મારૂં વ્યક્તિગત માનવું છે કે આપણા દરેક સોની કંસારા ભાઈઓ અને ખાસ કરીને વ્યાપારી ભાઈઓ આ બાબતમાં અનુભવી છે.

વ્યક્તિ અને વ્યક્તિત્વનો અર્થ ઊંડાણથી સમજવો ખૂબ જરૂરી છે. વ્યક્તિત્વ માટેનો અંગ્રેજી શબ્દ ‘Personality’ છે. તે ગ્રીક શબ્દ ‘Persona’ ઉપરથી ઉતરી આવ્યો છે. ‘Persona’ એટલે મહોરું. રાવણ બનવું હોય તો સૌપ્રથમ રાવણ જેવા દેખાવા માટે રાવણનું મહોરું પહેરવાનું જરૂરી છે. મતલબ કે સારું વ્યક્તિત્વ એક પ્રકારનું મહોરું તો છે જ તેમાં ના નહીં. એટલે કે સારું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ સારી ના પણ હોય. તે માત્ર આપણને ઈમ્પ્રેસ કરે છે.

ઉદાહરણ તરીકે સારું શરીર સૌષ્ઠવ ધરાવતા, સારા કપડા પહેરેલ, છટાદાર ભાષા બોલતા અને આપણને અચંબામાં આંજી દેતા કોઈ પણ માણસ અથવા સ્ત્રીને આપણે સારૂં વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ કહીશું. પરંતુ તેનું સારૂં વ્યક્તિત્વ તેના માટે કોઈને છેતરવાનું સાધન પણ બની શકે છે! માંદલો, સૂકલકડી શરીર, લઘર વઘર કપડાં, ઝાંખરા જેવા વાળ અને લોચા વાળીને બોલતો માણસ કે સ્ત્રી આપણને કદી નહીં ગમે. તેને ખરાબ વ્યક્તિ કહીશું. પરંતુ સમજદાર અનુભવી માણસ તેને ખરાબ વ્યક્તિ નહીં કહે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ માણસનું વ્યક્તિત્વ તેની વર્તનશૈલી, તેની બૌદ્ધિક શક્તિઓ, તર્ક શક્તિ, અભિયોગ્યતાઓ, વિચારો અને આવેગોની ટેવો, મનોવલણો અને તેનો વ્યવસાય અને તેના જેવા બીજાં એવાં વિશિષ્ટ પાસાંઓના ગત્યાત્મક સંગઠનથી ઉપજેલું સુગ્રથિત સ્વરૂપ છે. જેના પરિણામ સ્વરૂપ અન્ય પર નિષ્પન્ન થતી ઈમ્પ્રેશન એટલે તેનું વ્યક્તિત્વ. આમ, વ્યક્તિત્વ એ વ્યક્તિનાં અનેક પાસાંઓના નિરાળા સંગઠનથી ઉપજેલી અજોડ, જટીલ સંરચના છે અને તેથી વ્યક્તિના વ્યવહારોમાં સંવાદિતા, સાતત્ય અને વિશેષતા ઊપજે છે.

વ્યક્તિત્વના કેટલા પ્રકાર છે? આમ તો દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ નિરાળું હોય છે. એટલે વ્યક્તિત્વના અનેક પ્રકારો હોઈ શકે છે છતાં પ્રાચીન ભારતીય જ્યોતિષ વિદ્યામાં વ્યક્તિત્વના પ્રકારોનો તાગ મળે છે. વ્યક્તિત્વનું વર્ગીકરણ કરવાની કદાચ જૂનામાં જૂની પદ્ધતિ જ્યોતિષશાસ્ત્રની છે. જ્યોતિષમાં બાર રાશિઓ

ગણાવવામાં આવે છે. દરેક રાશિ અથવા ઘરના વિશિષ્ટ ગુણો હોય છે. તેથી અમુક રાશિના પ્રભાવ નીચે જન્મ થયેલ વ્યક્તિમાં ચોક્કસ સ્વભાવ, ગુણલક્ષણો, શરીર બંધારણ, તંદુરસ્તી વગેરે હોય એમ માનવામાં આવે છે. આ રીતે બાર રાશિઓના આધાર ઉપર સમગ્ર વસ્તીને બાર પ્રકારનાં વ્યક્તિત્વોમાં વહેંચવામાં આવે છે. તે રીતે જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે વર-કન્યાના મેળાપકમાં પણ વ્યક્તિત્વના પ્રકારોની ઓળખ છતી થાય છે. જેમાં રાશિ અને યોનિ મેલાપકના બે ડાયમેન્શન આપેલા છે. વર અને કન્યાની મિત્ર રાશિ હોય તો એકબીજાના વ્યક્તિત્વનું પારસ્પરિક અનુકૂલન થાય અને લગ્ન જીવન સફળ થાય. તે પ્રમાણે યોનિ પણ પરસ્પરનું વ્યક્તિત્વ અથવા સ્વભાવ દર્શાવે છે. વર અને કન્યા બંને રાક્ષસ યોનિ ધરાવતા હોય તો લડી મરે અથવા વ્યાઘ્ર અને મૃગ યોનિ ધરાવતા હોય તો વાઘ મૃગને ખાઈ જાય અને લગ્નજીવન નિષ્ફળ જાય. પરંતુ મનુષ્ય અને મૃગનું સહ અસ્તિત્વ શક્ય છે. મનુષ્ય અને મૃગ યોનિ ધરાવતા વર કન્યાનું મેળાપક સારૂં ગણાય અને તેને પૂરા ગુણ આપવામાં આવે છે.

જર્મન મનોરોગચિકિત્સક એન્ટન ક્રેશમરે શરીરનો બાંધો અને સ્વભાવ વચ્ચેના સંબંધને તેના પુસ્તક 'ફિઝીક એન્ડ કેરેક્ટર' દ્વારા પુનઃવિચારણામાં લીધો. તેણે વ્યક્તિત્વના ચાર પ્રકારો ગણાવ્યા છે :

૧. મેદપ્રધાન (pyknic) સ્થૂળ, ઓછી ઊંચાઈ ધરાવતી વ્યક્તિઓ સ્વભાવે બહિર્મુખી, વ્યવહારૂ અને વાસ્તવિક દૃષ્ટિવાળી હોય છે.

૨. સ્નાયુપ્રધાન (athletic) શરીરનો બાંધો સુદૃઢ તથા ઊંચાઈ-વજન પ્રમાણસર હોય છે. આવી વ્યક્તિઓ ઉત્સાહી, શક્તિશાળી અને પ્રભુત્વ જમાવનારી હોય છે.

૩. સ્નાયુ અને ચરબીના ઓછા પ્રમાણવાળી, પાતળું, ઊંચું, અસ્થિપ્રધાન (asthenic) શરીર ધરાવનારી વ્યક્તિઓ સ્વભાવે અંતર્મુખી, ચિંતનપ્રધાન અને મૂલ્યલક્ષી વલણવાળી હોય છે.

૪. આ ત્રણ પ્રકારોમાં સ્પષ્ટ રીતે ન ગોઠવાઈ શકે એવું શરીર બંધારણ ધરાવતી વ્યક્તિઓ ચોથા વર્ગ, મિશ્ર પ્રકાર (dysplastic)માં મૂકાય.

માણસનું વ્યક્તિત્વ તેના વ્યવસાય મુજબ કે તેના વિશિષ્ટ દરજ્જા પ્રમાણે આકાર લે છે. તેના પ્રમાણે વિશિષ્ટ ખાસિયતો અને સ્વભાવ કેળવાય છે; જેમ કે ડોક્ટર, વકીલ, અધ્યાપક કે લશ્કરી અમલદારના સ્વભાવની ખાસિયતો તેમના વ્યવસાયને અનુરૂપ અલગ અલગ હોય છે, પરંતુ વ્યક્તિત્વ વિશેની આ પ્રચલિત સમજો વ્યક્તિને સમજવા માટે સાચી નથી. કારણ માણસની પ્રાસંગિક વર્તન, વ્યવસાય, પહેરવેશ કે કાર્યરીતિની ઝલક ઉપરથી તેના 'વ્યક્તિ'ને પૂરી ઓળખી શકાય નહીં. માણસને ઓળખવા માટે મનોવિજ્ઞાનના વિકાસ પૂર્વેથી કેટલીક પદ્ધતિઓ અજમાવવામાં આવે છે.

ટૂંકમાં સમજવાનો પ્રયત્ન કરીએ તો વ્યક્તિત્વમાં ફિઝીકલ અને ફિઝીઓલોજીકલ ગુણોનો સમાવેશ થાય છે. જેને મેઝરેબલ ક્વોલિટી કહે છે. જેમ કે ઊંચાઈ, બાંધો, ચામડીનો રંગ, અવાજ, સ્ટાઈલ કે આંખો અને મુખના આકાર, વાળ અને તેના રંગ વગેરે. પશ્ચિમના ગોરા લોકોને જોતા એશિયન લોકો અંજાઈ જાય છે કે સોનેરી વાળ વાળી બ્લોન્ડ એક્ટ્રેસ તેના રૂપ અને સૌંદર્યને કારણે ફિલ્મમાં કામ કરવામાં ઊંચો ભાવ લે છે તેની નવાઈ નહીં.

પરંતુ વ્યક્તિત્વ વિશે વધુ અભ્યાસ કરતા જણાયું છે કે સારા વ્યક્તિત્વ માટે જે તે વ્યક્તિની એટ્રીબ્યુટ ક્વોલિટી (ગુણાત્મક ગુણવત્તા) પણ જરૂરી છે. ચબરાક અને બુદ્ધિશાળી વ્યક્તિ કદાચ દેખાવમાં સુંદર ના લાગે તો પણ તેનું વ્યક્તિત્વ અસરકારક અને ચોટદાર લાગે છે. ગાંધીજીએ સમસ્ત વિશ્વને પ્રભાવિત કર્યા હતા પણ તે ક્યાં દેખાવે આકર્ષક હતા! સોક્રેટીસ દેખાવમાં કદરૂપો હતો પરંતુ તેની બુદ્ધિ શક્તિ અને તર્ક શક્તિને કારણે તે લોકોના ટોળાથી ઘેરાયેલો રહેતો.

સારા વ્યક્તિત્વ માટે બુદ્ધિ ચાતુર્ય હોવું ખૂબ જરૂરી છે. તેનું ઉદાહરણ વિશ્વ સુંદરીની સ્પર્ધા છે. જેમાં સમાન સૌંદર્ય ધરાવતા ઉમેદવારને છેલ્લા સાદા સામાન્ય જ્ઞાન જેવા પ્રશ્નો પૂછવામાં આવે છે. જે છોકરી પોતાની બુદ્ધિમત્તા અને તર્ક સાબિત કરી નિર્ણાયકોનું મન મોહી લે એવો જવાબ આપે તે ઘડીએ તેને વિજેતા ઘોષિત કરવામાં આવે છે. ઘણી વખત એવું પણ બને કે વિજેતા છોકરી તેની બુદ્ધિમત્તામાં અગ્રીમતા ધરાવે અને સુંદરતામાં કદાચ ઉણી પણ ઉતરે.

હું આશા રાખું છું કે વ્યક્તિત્વનો સાચો અર્થ સમજ્યા પછી આજકાલના છોકરા છોકરીઓ જીવનસાથીની પસંદગીમાં રૂપ કરતા ગુણને પ્રાધાન્ય જરૂર આપશે અને તેનાથી લગ્નજીવન સફળ થશે.

***(ક્રમશઃ)***


## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : DIVYA KANSARA |
| **Birth Date** | : 24-10-1996 |
| **Birth Time** | : 05.34 a.m. |
| **Day** | : Wednesday |
| **Birth Place** | : Jodhpur (Raj.) |
| **Raashi** | : Meen |
| **Height** | : 5.6" |
| **Education** | : B.A. Graduate + Interior Designing |
| **Mother** | : Lalita Kansara (Housewife) |
| **Father** | : Kamal Kishor Kansara |
| **Occupation** | : Private Job + Business |
| **Siblings** | : 2 Elder Brothers |
| **Resi. Add.** | : A-20, Rameshwar Nagar Basni 1st Phase Jodhpur. |

# સ્વાસ્થ્ય

## વર્ટિગો (BPPV)

**ડૉ. આરોહી પરમાર દેસાણી**



**BPPV શું છે?**

વર્ટિગોના સૌથી સામાન્ય કારણોમાંનું એક બીપીપીવી (બેનાઇન પેરોક્સિસ્મલ પોઝિશનલ વર્ટિગો) છે. અચાનક ચક્કર આવવા એ મુખ્ય લક્ષણ છે અને જ્યારે દર્દી નીચે સૂતી વખતે બાજુઓ બદલે છે અથવા વળે છે અથવા સ્થિતિ બદલે છે ત્યારે તે અનુભવાય છે. BPPV એ આંતરિક કાનનો રોગ છે. આ ત્યારે થાય છે જ્યારે એન્ડોકાર્ડિયમના યુટ્રિકલમાં સ્થિત તરલમાં હાજર કેલ્શિયમ કાર્બોનેટ કણો (ઓટોકોનિયા) વિસ્થાપિત થાય છે (તેમની જગ્યાએથી ખસી જાય છે) અને ત્રણ અર્ધ ગોળાકાર ટ્યુબ્યુલ્સમાં જાય છે. જ્યારે આ ઓટોલીથ આંતરિક કાનની નહેરોમાં એકત્રિત થવાનું શરૂ કરે છે, ત્યારે તે માથાની કોઈપણ હિલચાલની સંવેદનાની પ્રક્રિયાને અવરોધે છે. જેના કારણે આંતરિક કાન મગજને ખોટા સંકેતો મોકલે છે. આ પ્રકારના ચક્કર અથવા ચક્કરની લાગણી માત્ર એક કે બે મિનિટ સુધી રહે છે. વર્ટિગોના સમયગાળા દરમ્યાન, કેટલાક લોકોને કોઈ લક્ષણોનો અનુભવ થતો નથી જ્યારે કેટલાક લોકો અતિશય અસંતુલન અનુભવે છે અને પડી જવાના કારણે માથામાં ઈજા થવાની શક્યતા સૌથી વધારે રહે છે.

- **BPPV થવાના કારણો :**

★ અતિ લાંબા સમય સુધી આરામ

★ ઉંમર

★ કાનમાં થતા વિવિધ જાતના ચેપ

★ કાનની શસ્ત્રક્રિયા

કેટલાક લોકોમાં તે કોઈ દેખીતા કારણ વગર થઈ શકે છે. આને આઇડિયોપેથિક કહેવાય છે.

- **BPPVમાં નીચેના લક્ષણો હોઈ શકે છે :**

★ ચક્કર

★ સ્થળાંતરની લાગણી. જેમાં વસ્તુઓ ફરવા લાગે છે (વર્ટિગો).

★ ઉબકા

★ ઉલટી

માથું ફેરવવાના આ ચક્રો થોડીક ક્ષણો માટે જ હોય છે. BPPV ના લક્ષણો થોડા સમય માટે અદશ્ય થઈ શકે છે અને પછી થોડા સમય પછી ફરી દેખાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ માથું હલાવે છે ત્યારે આ લક્ષણો સક્રિય થાય છે. કેટલાક લોકો ઊભા હોય અથવા ચાલતા હોય ત્યારે પણ અસંતુલન અનુભવે છે. આંખોની કીકીની લયબદ્ધ પરંતુ અસામાન્ય હિલચાલ, જેને નેસ્ટાગ્મસ કહેવાય છે, તે પણ સામાન્ય રીતે BPPV ના લક્ષણો સાથે જોવા મળે છે.

- **BPPV નું નિદાન :**

જ્યારે બીપીપીવી દર્દી માથું હલાવે છે ત્યારે કાનમાં સ્ફટિકો ઉત્તેજિત થાય છે અને મગજની નહેરનું સંતુલન ખોરવાય છે. જેના કારણે ખોટા સંકેતો થાય છે અને તેના કારણે આંખો ચોક્કસ રીતે ફરવા લાગે છે. આને 'નિસ્ટાગ્મસ' કહે છે. આપણી આંખોના સ્નાયુઓ અને આંતરિક કાન વચ્ચે એક જોડાણ છે, જે આપણે માથું ફેરવીએ ત્યારે પણ બાહ્ય વાતાવરણ સાથે આપણું સંતુલન જાળવી રાખે છે. તેને વેસ્ટીબ્યુલો-ઓક્યુલર રીફ્લેક્સ (VOR) કહેવામાં આવે છે. કાનમાં વિસ્થાપિત સ્ફટિકોની ઉત્તેજનાને કારણે નિસ્ટાગ્મસ અથવા આંખોમાં ઝબકારો અનુભવાય છે. આંતરિક કાનની નહેરોમાં સ્ફટિકો ક્યાં એકઠા થાય છે તેના આધારે નેસ્ટાગ્મસમાં વિવિધ લક્ષણો હોઈ શકે છે. ડિક્સ-હોલ પાઇક અથવા રોલ ટેસ્ટમાં દર્દીના માથાને ખાસ રીતે ફેરવવામાં આવે છે. જેના કારણે સ્ફટિકો તેમની જગ્યાએથી ખસી જાય છે અને વર્ટિગોના લક્ષણો પેદા કરે છે. આ સમય દરમ્યાન, ડોક્ટર નિસ્ટાગ્મસ એટલે કે આંખોનું પરિભ્રમણ તપાસે છે. આ પરીક્ષણમાં, વિડિયોનિસ્ટાગ્મોગ્રાફી (વીએનજી)ની મદદથી પરીક્ષણ કરવામાં આવે છે. જેથી ઓટોલિથ કણોનું ચોક્કસ સ્થાન શોધી શકાય. આ કણોના સ્થાનની ખાતરી કર્યા પછી જ તેમને દૂર કરવાની તબીબી પદ્ધતિ નક્કી કરી શકાય છે.

- **ડિસ્ક હોલ પાઇક ટેસ્ટ :**

BPPV નની તપાસ કરવા માટે ડોક્ટરો ડિક્સ હોલ પાઈક ટેસ્ટ કરે છે. જેમાં દર્દી નીચે સૂતો હોય છે અને તેનું માથું ૪૫° પર વળેલું હોય છે અને લગભગ ૩૦° પર લટકતું હોય છે. જો દર્દીની આંખોમાં કોઈપણ અનૈચ્છિક / અનિચ્છનીય હિલચાલ જોવા મળે છે, તો તેનો અર્થ એ છે કે દર્દીને કાનના પાછળ સ્થિત અર્ધગોળાકાર નળીઓમાં BPPV હોઈ શકે છે. અન્ય

પરીક્ષણો જેમ કે McClure પરીક્ષણનો ઉપયોગ બાજુની નળીઓમાં ઓટોલિથની તપાસ કરવા માટે થાય છે. આ પરીક્ષણ, જે માથું નીચે લટકાવીને કરવામાં આવે છે, તે કાનની આગળની નહેરોમાં સ્થિત BPPV શોધી કાઢે છે.

- **BPPV ના પ્રકાર :**

BPVV ના બે પ્રકાર છે : કેનાલિથિઆસિસ અને ક્યુપુલોલિથિઆસિસ.

કેનાલિથિઆસિસમાં મુક્ત રેડિકલ ટ્યુબ્યુલ્સના પ્રવાહીમાં મુક્તપણે ફરે છે, જ્યારે ક્યુપુલોલિથિઆસિસ બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. આ સ્થિતિમાં કણો કપુલા સાથે ચોંટી જાય છે, જે ગંભીર અને લાંબા સમય સુધી ચક્કરનું કારણ બની શકે છે. કેનાલિઆસિસમાં દર્દીનું માથું ચોક્કસ ખૂણામાં ફેરવવામાં આવે કે તરત જ, સ્ફટિકો એક મિનિટ કરતાં પણ ઓછા સમયમાં ફરતા બંધ થઈ જાય છે. કેલ્શિયમ કાર્બોનેટ કણો બંધ થતાં જ કાનની અંદરનો પ્રવાહી સ્થિર થઈ જાય છે. આખરે નિસ્ટાગ્મસ અને વર્ટિગો પણ બંધ થઈ જાય છે.

- **BPPV ની સારવાર :**

**૧. સારવાર**

વેસ્ટીબ્યુલર સપ્રેસન્ટ્સ BPPV ની સારવાર કરી શકતા નથી. આ દવાઓ ચક્કરની લાગણીને દબાવી શકે છે પરંતુ BPPV નો ઇલાજ શક્ય નથી. જો BPPV કાનના ચેપ અથવા કાનમાં બળતરાને કારણે થાય છે, તો ડોક્ટરો ખૂબ ગંભીર ચક્કરમાં થતી ઉલટી, ઉબકા વગેરેની સારવાર માટે એન્ટીબાયોટીક્સ અને અન્ય દવાઓ સૂચવે છે.

દવાઓ BPPV નો ઇલાજ કરી શકતી નથી. તેના પુનરાવૃત્તિના આધારે અથવા જો અન્ય તબીબી પદ્ધતિઓ દ્વારા સારવાર ન કરવામાં આવે, તો કેટલાક દર્દીઓને શસ્ત્રક્રિયા માટે સલાહ આપવામાં આવી શકે છે.

**૨. BPPV કસરતો :**

BPPV કણોની સ્થિતિના આધારે વિવિધ રીપોઝીશનિંગ તકનિકો દ્વારા સુધારી શકાય છે. એકવાર તમારા ડોક્ટર નક્કી કરી શકે કે આ સ્ફટીકો કઇ ટ્યુબ(ઓ)માં છે અને કયા પ્રકારનું (કેનાલિથિઆસિસ અથવા કપ્યુલોલિથિઆસિસ), તે યોગ્ય સારવાર તકનીક નક્કી કરવામનું સરળ બને છે. કેનાલિથ અથવા પાર્ટીકલ રીપોઝશનિંગ નામની આ તકનિકોમાં, ગુરુત્વાકર્ષણની મદદથી માથાને જુદી જુદી સ્થિતિમાં ફેરવીને આ કણો ફરીથી યુટ્રીકલમાં પહોંચાડવામાં આવે છે.

કપ્યુલોલિથિઆસિસના કિસ્સામાં, લીબરેટરી ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં તે લટકતા કણોને વિસ્થાપિત કરવા માટે અસરગ્રસ્ત નહેરના સમાન સ્તરે માથું ઝડપથી ખસેડવામાં આવે છે.

**૩. એપ્લીની ટેકનિક**

એપ્લીની ટેકનિકનો સૌથી વધુ ઉપયોગ થાય છે. પરંતુ તે તમામ પ્રકારના BPPV માટે ઉપયોગી નથી.

**૪. કેનાલિથ રીપોઝીશનિંગ :**

કેનાલિથ રીપોઝિશનિંગ માટેની અન્ય તકનીકોમાં સેમોન્ટ્સ ટેકનિક, ગુફોની, વનુચી, યાકોવિની, રીવર્સ એપ્લી, ડીપ હેડ હેન્ગિંગ વગેરેનો સમાવેશ થાય છે. વિવિધ BPPV માટે આ તકનીકોની ભલામણ કરવામાં આવે છે.

બ્રાંડ્ટ-ડેરોફ કસરતો, જે ઘરે જાતે કરી શકાય છે તે એવા દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે કે જેઓ કણ ડિસ્પેસમેન્ટ પાર્ટિકલ રીપોઝીશનિંગ તકનીકોથી લાભ મેળવતા નથી અથવા જેમને BPPV ની વારંવાર ફરિયાદ હોય છે. જો કે, આ કસરત ખૂબ જ કાળજીપૂર્વક કરવી જોઈએ, અન્યથા તે કરતી વખતે દર્દીને ચક્કરનો અનુભવ થઈ શકે છે.

- **બ્રાંડ્ટ-ડેરિફ કસરત :**

આ કસરતની મદદથી મગજ અંદરના કાનની સમસ્યાને કારણે મળતા ખોટા સિગ્નલોને સમાયોજીત કરવામાં મદદ કરે છે. બ્રાંડ્ટ-ડેરિફ કસરત નિયમિતપણે દરરોજ બે થી ત્રણ વખત કેટલાક અઠવાડિયા સુધી કરવાથી ઇચ્છિત પરિણામો મળે છે.

બ્રાંડ્ટ-ડેરિફ કસરત કેવી રીતે કરવી?

★ ***સ્ટેપ-૧ :*** બેડ પર સીધા બેસો અને પગ નીચે લટકાવો.

★ ***સ્ટેપ-૨ :*** માથું ૪૫ ડિગ્રી ડાબી તરફ વાળો. શરીરને એવી રીતે જમણી તરફ નમાવો કે માથું પલંગ પર હોય અને નાક ઉપરની દિશામાં હોય.

★ ***સ્ટેપ-૩ :*** આ મુદ્રામાં ૩૦ સેકન્ડ સુધી અથવા વર્ટિગો શાંત ન થાય ત્યાં સુધી રહો.

★ ***સ્ટેપ-૪ :*** સ્ટેપ ૧ ની જેમ સીધા બેસો.

★ ***સ્ટેપ-૫ :*** હવે માથું ૪૫ ડિગ્રી જમણી તરફ અને બાકીના શરીરને ડાબી તરફ એવી રીતે ફેરવો કે માથું પલંગ પર હોય અને નાક ઉપરની દિશામાં હોય.

★ ***સ્ટેપ-૬ :*** આ મુદ્રામાં ૩૦ સેકન્ડ સુધી રહો.

★ ***સ્ટેપ-૭ :*** હવે ઉઠો અને બેડ પર બેસો. આ કસરત દિવસમાં ૨-૩ વખત કરો. જો દર્દીને ગંભીર ચક્કર હોય તો આ કસરત કોઈની દેખરેખ હેઠળ થવી જોઈએ.

- **BPPV માટે સર્જરી :**

શસ્ત્રક્રિયાની ભલામણ ત્યારે જ કરવામાં આવે છે જ્યારે

આ મુક્તિની તકનીકો કામ ન કરતી હોય અથવા જો દર્દીની દિનચર્યાને વારંવાર ચક્કર આવવાથી અસર થતી હોય. BPPV ની સારવાર માટે સર્જીકલ પ્રક્રિયાઓ જેમ કે સીંગલ ન્યુરેક્ટોમી, કેનાલ ઓક્લુઝન અથવા પ્લગિંગ કરી શકાય છે.

- **BPPV માટે તબીબી કટોકટી :**

BPPV ના લક્ષણો સામાન્ય રીતે ગંભીર હોતા નથી. પરંતુ જો તે ગંભીર હોય તો તરત જ ડોક્ટરનો સંપર્ક કરો. કટોકટીની પરિસ્થિતિઓમાં તબીબી સહાયની જરૂર હોય છે.

★ શ્વાસ લેવામાં તકલીફ
★ ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી,
★ સ્ટ્રોક
★ ચક્કર
★ શરીરના કોઈપણ ભાગનો લકવો
★ શરીરના કોઈપણ ભાગમાં નબળાઈ અથવા સુન્નતા
★ અસહ્ય માથાનો દુખાવો
★ સતત ઉલટી થવી
★ સાંભળવાની ખોટ અથવા નુકસાન
★ છાતીનો દુખાવો.

- **વર્ટિગોના દર્દીઓ માટે ખાસ ફાયદાકારક એવા યોગ આસનો :**

વર્ટિગોના દર્દીઓ માટે, જે નર્વસ સિસ્ટમ અને આંતરિક કાનમાં સંતુલન કેન્દ્રોને સક્રિય કરે તેમજ ધ્યાન અને એકાગ્રતાનું નિર્માણ કરે, સહાનુભૂતિશીલ નર્વસ સિસ્ટમ પર પણ સીધી અસર કરે અને માથા અને શરીરના અન્ય ભાગોમાં રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરે તેવી મુદ્રાઓ પસંદ કરવામાં આવે છે.

★ ખન્મુખી મુદ્રા
★ નાડી શોધન પ્રાણાયામ
★ સાલંબ સિરસાસન
★ હલાસન
★ પશ્ચિમોત્તાસન
★ શવાસન

આ પ્રકારના નિત્ય યોગાભ્યાસથી પણ લાંબા સમયે દર્દીઓને ચોક્કસપણે રાહત થાય છે.

*પ્રભુની પ્રાર્થના નિયમિત કરવાથી અંતઃકરણ પવિત્ર બને છે, સ્વભાવમાં તાજગી અને પરિવર્તન આવે છે, હતાશા તેમજ નિરાશા દૂર થાય છે અને મનને શાંતિ મળે છે.*

## સુખ – હેપ્પીનેસ

જન્મથી આપણે કાયમ એક જ ચીજ શોધીએ છીએ. તે એટલે સુખ, હેપ્પીનેસ કે આનંદ. ઘણી બાબતો આપણા મન પ્રમાણે મળે કે થાય એટલે આપણને સુખ જેવું લાગે છે. પરંતુ આ બધું ટેમ્પરરી કહેવાય. સાંજ સુધી ૯૯% બધું ગમતું મળ્યું એટલે વાહવાહ... પરંતુ એકાદ કંઈક મરજી વિરૂધ્ધ થઇ ગયું તો દુઃખી. આખા દિવસના સુખને ભૂલી જઈએ છીએ. એટલે ખરેખર સુખ શું છે એ આપણે સમજી શકતા નથી. આપણે નાના હતા ત્યારે ભણતી વખતે પેન્સિલ અને રબરનો ઉપયોગ ખૂબ કરેલો. એટલે કંઈક ખોટું લખાય તો આપણે રબરથી તરત ભૂંસી નાખી તરત સુધારી લેતા. પરંતુ આપણે જેમ જેમ મોટા થઇ ઉપરના વર્ગમાં ગયા ત્યારે પેન્સિલની જગ્યા પેન કે બોલપેને લીધી. પેન એ સમજાવવા માંગે છે કે હવે આપણે કરેલી ભૂલો ભૂંસી શકતા નથી. ઉંમરની સાથે સાથે આપણામાં મેચ્યોરીટી આવવી જરૂરી છે, સમજદારી આવવી જરૂરી છે. કારણ ઉંમરની સાથે આપણી જવાબદારી વધતી હોય છે. જિંદગીના ઉતાર ચઢાવમાં એ સુઝ આપણને મદદ કરે છે. આપણી પાસે જે હોય તે સારામાં સારૂં - ઉચ્ચ કક્ષાનું જ હોય છે. પરંતુ સરખામણીના લીધે આપણે એ વસ્તુનો આનંદ કે સુખ ખોઈ બેસીએ છીએ. આપણે કડવી દવાઓ તરત ગળી જઈએ છીએ અને મીઠી કેન્ડી મોંમાં લાંબો સમય રાખીએ છીએ. પરંતુ જીંદગીમાં સારા સમયને તરત ભૂલી જઈએ છીએ અને ખરાબ સમયના સંસ્મરણોને લાંબા સમય સુધી સંઘરી રાખીએ છીએ...

*"આ જગતમાં સર્વ દુઃખી એવો કોઈ નથી,*
*હે મન! તું જરા વિચાર કરી શોધી તો જો!"*

વીતી ગયેલા દિવસો પાછા આવતા નથી તેમ આવનાર દિવસ કેવો હશે એ કહી શકાતું નથી. તેથી કાયમ હસતા રહો, સુખમાં રહો, આનંદમાં રહો. સુખ આપવાની કે મદદરૂપ થવાની ઉત્સુકતા દાખવો...

***પૂજા ભરતભાઈ કટ્ટા - નખત્રાણા***

## અભિનંદન



**Mr. Hemal H. Soni** has delivered an expert lecture on Two-day "Photography & Videography Workshop" organized on 2-3 July, 2022 by the Dept. of Journalism and Mass Communication, School of Humanities and Social Sciences. His expertise and knowledge has been inspiring the Dr. Babasaheb Ambedkar Open University - Ahmedabad.

# પ્રવાસ



## ૪૦ વર્ષ પહેલાંની એક રસપ્રદ પ્રવાસ નોંધ

**પ્રેષક : રૂમા કંસારા - દિલ્હી**

*મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. કાંતિલાલ લખમશી પોમલ (રાયપુર - છત્તીસગઢ)ની ઈ.સ. ૧૯૮૧ની ડાયરીમાં પ્રસ્તુત પ્રવાસ નોંધ.*

*— રૂમા કંસારા*

(ગતાંકથી ચાલુ)

આમ વરસાદે અમને ક્યાંય પરેશાન ન કર્યા અને કર્યા તો એવી જગ્યાએ કે જાણે આખી મુસાફરીનો બદલો વાળી લે તેવા કર્યા. એક તો ઊટીની ખાઈવાળી ઘાટી. તેમાંય મૈસુર સાઇડનું ભયંકર જંગલ. જે જંગલી હાથીઓ તથા જાનવરોથી ભરપૂર. અને આવા મધ્યરાત્રિના બિહામણી જગ્યાએ અમારા ડ્રાઈવરે, યોધ્ધો જેમ હથિયાર રણ મેદાનમાં નાંખી દે, તેમ જંગલમાં માત્ર ૧ હોટલની ઓરડી, જે બંધ હતી, ત્યાં ગાડીને ઊભી રાખી દીધી અને આગળ વધવાની અસહમતિ બતાવી. અમે બધા મુંઝાઈ ગયા, કહો કે ગભરાઈ ગયા અને એવા ગભરાયા કે ભગવાનની પણ યાદ ભૂલાઈ ગઈ.

એક તો બિહામણી રાત. તેમાંય મુશળધાર વરસાદ, કડકડતી ઠંડી અને કડકડતી ભૂખ. તેમાંય આશરો માત્ર એક છાપરાનો અને એક બલ્બની રોશનીનો. આ તો બાવન જણા હતા. તેની હિંમતમાં બધા ચૂપચાપ પડ્યા હતા. એકાદ જંગલી જાનવર યા કોઈ લૂંટેરો આવી જાય તો કોઈક રામશરણ પામી જાય તેમાં ના નહીં. વચ્ચે વચ્ચે કોઈ માલવાહક ટ્રક પસાર થવાથી સહેજ હિંમત આવી જતી હતી. આવી હતી, એ અમારી બિહામણી રાત. તેમાંય પ્રમુખ થોડું ભાન ગુમાવતા, એક ખૂણામાં બૂમો પાડતા હતા. જેથી રાત વધુ ભયંકર લાગતી હતી.

અમારી સાથે જે કાંઈ નાસ્તો હતો, તે અમારી ભૂખનો મોટો આશરો હતો. શું ખાધું, કેવું ખાધું, કેમ ખાધું — એ શાયદ કોઈને ખ્યાલ નહીં હોય. ખ્યાલ માત્ર એટલો જ રહ્યો હશે કે અમે કંઈક ખાધું. પછી તો વરસાદ કંઈક હળવો થયો અને અમારૂં પ્રયાણ આગળ વધ્યું. ઘાટી ઉતરી ગયા અને ટમટમાતી બત્તીઓ દેખાવા લાગી. એટલે સૌને હિંમત આવી ગઈ. પછી તો ધૂન ગાવાનું અને ઈશ્વર સ્મરણ કરવાનું પણ મન થયું. કેમકે એ વખતે અમારા સૌનો ઈશ્વર જ માલિક હતો. પછી તો જંગલી હાથીઓના ઝુંડ દેખાવા લાગ્યા, જંગલી જાનવર દેખાય — તોય ડર રહ્યો નહીં. કેમકે બસની સ્પીડની સાથોસાથ હિંમતની સ્પીડ પણ આવી ગઈ હતી.

મૈસુર પહોંચ્યા ત્યારે રાતના ૨ વાગી ગયા હતા. મિત્ર અને તેનું ઘર ગોતવામાં તકલીફ પડી. પરિણામે સ્કુટરવાળાએ પોતાના કમિશનના મતલબે એક બેકાર હોટલમાં લઈ ગયો. રાત હતી એટલે રોકાવું પડ્યું. બીજા દિવસે સવારે જૈન બોર્ડિંગ હાઉસ શોધી કાઢ્યું. જે ૮૫/- રૂા.માં બહુ સરસ જગ્યા હતી. બધી સગવડ હતી. અહીં થોડાં કલાક માટે નકામા ૧૫૦/- રૂા. આપવા પડ્યા. ઘણા દિવસ પછી જલેબી સમોસાનો સૌએ નાસ્તો કર્યો.



બપોર સુધી સૌ માર્કેટમાં જઇ આવ્યા ત્યાં સુધી રસોઈ તૈયાર હતી. ભૂખ પણ લાગી હતી. એટલે જમીને સૌએ આરામ કર્યો. કેમકે સાંજે રાજાનું મહાન આયોજન "વૃંદાવન ગાર્ડન" જોવા જવાનું હતું. પાંચ વાગ્યા એટલે અમે બધા તૈયાર થઈ 'વૃંદાવન' પહોંચી ગયા. મૈસુરથી ૧૫ કિ.મી. દૂર આ બાગ આવેલો છે. અહીં બાંધ બાંધેલ છે, તેનું નકામું જતું પાણી વાળીને એવી સુંદર ગોઠવણી કરી છે કે, આજે ભારતમાં જેટલા બગીચાઓ છે, તેમાં સર્વપ્રથમ બગીચો હોય તો એ મૈસુરનો "વૃંદાવન" છે. ખરેખર નામ તેવા જ ગુણ છે. તેવી જ તેની સુંદરતા છે. આ બગીચામાં સૌથી સારી ખૂબી હોય તો તે છે અહીંની પ્રકાશની અને અવાજની વ્યવસ્થા. જેને લોકો "Light the Sound" કહે છે. તમને થોડી થોડી દૂર લાઈટનો નાનો એવો બોક્સ દેખાશે. જેના ઉપર પ્રકાશ હશે તો નીચેથી સાઉન્ડ સંભળાતો હશે. અંધારૂં થાય એટલે આખું વૃંદાવન ઈન્દ્રવનમાં પલટાઈ જાય. ૭ વાગે અને ચારે તરફ પ્રકાશની સુંદરતા

વેરાઈ જાય. મધુર સંગીત ગૂંજતું હોય. એક જગ્યાએ તો તેવા હોજનું આયોજન કરવામાં આવ્યું છે, જેના પાણીના ફુવારા મ્યુઝીક ઉપર નાચતા હોય છે. યા એમ કહો કે સંગીત ઉપર પાણીની લહેરો ઊંચી નીચી થતી હોય છે. આ બધું નિહાળીને બે ઘડી બધા મંત્રમુગ્ધ થઈ જાય છે. કોઈને બગીચો છોડવાનું મન થતું નથી છતાં છોડવો પડે છે. અમે પણ રાત્રે પાછા ફર્યા.

બીજા દિવસે સવારે અમે સૌ બસથી ચામુંડા દેવીના દર્શન કરવા નીકળી પડ્યા. ચામુંડા દેવીનું મંદિર અહીંથી ૧૨ કિ.મી. દૂર એક ટેકરી ઉપર આવે છે. બાજુમાં બીજી ટેકરી ઉપર રાજાએ પોતાની દીકરીને આપેલ એક મહેલ જેવો બંગલો છે. ત્યારે આજ ટેકરી ઉપર રાજકુંવરનો પણ મહેલ છે. આ બંને જગ્યાઓ આજ-કલ હોટલ તરીકે ઓળખાય છે અને રહેનાર યુગલ ૨૫૦/- રૂા. રોજનું ભાડું આપે છે. કુંવરની કમાઈ આ હોટલ અને એક સિનેમા ઉપર નિર્ભર છે. બીજું કંઈ સરકાર તરફથી મળતું હોય તો એ પણ અલગ.

ચામુંડા દેવીના દર્શન કરી સૌ બહાર આવ્યા. અહીં પણ નાની એવી બજાર લાગે છે તેમજ ટેકરી ઉપરથી આખું મૈસુર રાજ્ય નજરે ચડે છે. ત્યાંથી સીધા અમે લોકો મહેલ જોવા પહોંચી ગયા. મહેલ જોવાની ૨/- રૂા. ટિકીટ રાખેલ છે. મહેલની બહાર ટુરીસ્ટની - બસ - ફેરિયા અને પ્રવાસીઓનો સારો એવો મજમો જામેલો રહે છે. બાકી રાજમહેલ એટલે રાજમહેલ! તેમાં પૂછવાનું શું હોય. એના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા. આલીશાન ઊંચી ઈમારતો, ભવ્ય ઘુમ્મટ - સુંદર કારીગરીવાળા દરવાજા, રંગબેરંગોથી સજેલી આ ઈમારત આગળ એ જમાનાની યાદમાં મનને આટોપી લે તેમાં નવાઈ શું? શું એ રાજાઓનો જમાનો હશે. કેવી એમની જાહોજલાલી હશે. એ બધું તેનાં ભવ્ય મહેલ, સુંદર ઓરડાઓ, કિંમતી ફર્નીચર, ખૂબસુરત સિંહાસન જોતા સહેજે ખ્યાલ આવી જાય. એ બધું નિહાળતા કલ્પનામાં ડૂબ્યા. છેલ્લે તેનો જ્યાં દરબાર ભરાતો, તે ભવ્ય આયોજન જોયું. રાજાની પ્રતિમા જોઈ, વંશજોના ફોટાઓ જોયા. આ બધાનું નિરીક્ષણ કરતા, તેનો નિચોડ માત્ર એ આવ્યો કે માનવી જીવનમાં ગમે તેટલો સંઘર્ષ કરી ગમે તેટલું મેળવી લે, આખરે એક વખત આ બધું છોડીને એકલો આવ્યો હતો, એકલો ચાલ્યો જવાનો!

મૈસુર રાજ્ય, તેની બજાર, તેના શહેરની સુંદરતા — આ બધું અમે કલ્પ્યું હતું તેટલું સુંદર ન લાગ્યું. બની શકે છે કે જેટલું એક રાજા પોતાના રાજ્યને શણગારી શકે, તેટલી સરસ રીતે સરકાર શણગારી ન શકે. છતાં રાજાની રાજધાની જેવું શહેર લાગ્યું. ચારેકોર રાજમહેલ જેવા મહેલો. તેવા સુંદર રસ્તામાં ગેટ અને તેટલા જ સરસ ચાર રસ્તા ઉપર ગોઠવેલ સ્ટેચ્યુ. છતાં મૈસુરમાં સૌને રસ ઓછો આવ્યો.

***(સંપૂર્ણ)***

## કચ્છની ધરતીનો ધબકાર



કચ્છને જેમણે જોયું કે જાણ્યું નથી એમને મન હજુયે છેવાડાનો... સુવિધારહિત... દુર્ગમ પ્રદેશ હશે. પણ કચ્છની એકવાર સહેલગાહ કર્યા પછી લોકો આ અદ્‌ભુત ભૂમિને ભૂલી શકતા નથી. મૂળ દરભંગા (બિહાર)ના અને હાલે નવી દિલ્હીની નારાયણ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સેવારત ડૉ. નઈમે તાજેતરમાં કચ્છની મુલાકાત લીધા પછી કહ્યું, 'કચ્છ દેખા તો સબ કુછ દેખા. રણમેં સૂર્યોદય ઔર સૂર્યાસ્ત ભી દેખા...' તેઓ કચ્છના કુદરતી સૌંદર્ય અને પ્રકૃતિથી પ્રભાવિત થયા. જાણીતા વાર્તાકાર - સર્જક હંસરાજભાઈ કંસારા કચ્છના વતની છે, એ જાણીને હમવતની હોય તેમ મળ્યા... આ છે કચ્છની ધરતીનો ધબકાર...

***(તસવીર : ડૉ. નઈમ)*** ***(સૌજન્ય : 'કચ્છમિત્ર')***

## આવ રે વરસાદ

વરસાદ જોતાં હૈયું હરખાય
નીરખતા લોચનીયા લલચાય
એવો વરસાદનો પાણી...

જોતાં વરસાદની હેલી, ભરવા ગઈ હું પાણી
ધીરજ મારી ખૂટી જાય (૨)
એવો વરસાદનો પાણી...

ભીંજાતી ભીંજાતી હું તો, પાણી ભરી લાવી
રૂપ મારૂં છલક્યું છલકાય (૨)
એવો વરસાદનો પાણી...

નૈન-કટારી મને લાગે પ્યારી પ્યારી
મુખ મારૂં મધુર મલકાય (૨)
એવો વરસાદનો પાણી...

***ચંદ્રિકા દિનેશભાઈ પરમાર - માધાપર***

# મીતા'સ કોર્નર

## તમે કેવા? દુઃખહર્તા કે સુખકર્તા...?

મીતા એન. સોલંકી

***નમસ્કાર મિત્રો,***

શિર્ષક વાંચીને નાની સ્માઈલ મોઢા પર આવી જ ગઈ હશે! કે મીતા, દુઃખ હર્તા ને સુખ કર્તા તો આપણે ગણેશ ભગવાનની સ્તુતિમાં ગાઈએ છીએ. આમાં કેમ?

તો મિત્રો, આજે એક એવી પરીક્ષા લઇશ તમારી, જેમાં તમારે પ્રામાણિકપણે પોતાને જવાબ લખવા - આપવાના છે. કેમકે જો તમે આમાં સાચા જ જવાબ આપશો તો જ તમે પોતાની જાતનું અવલોકન કરી શકશો.

તમે જોઈને લોકો ખુશ થાય છે કે મોઢું ફરાવે છે? તમારી સાથે વાત કરવામાં લોકોને કષ્ટ પડી રહ્યું છે? કે પછી કોઈ સમસ્યા કે સિક્રેટ તમારી સાથે શૅર કરી સમાધાન માંગે છે? તો જવાબ માત્ર "હા અને ના" માં જ આપવાનો રહેશે. ચાલો, 'સ્વ મૂલ્યાંકન' માટે રેડી...? માત્ર ૧૦ જ પ્રશ્નો....

(બોક્સમાં ✓ ટીક કરો)

૧. તમે નાની વાતમાં ગુસ્સો કે બૂમાબૂમ કરો છો?
હા ☐ ના ☐

૨. તમારા સહકર્મી કે નોકર કે હાથ નીચે કામ કરનારને નીચે દેખાડવાની કોશિશ કરો છો?
હા ☐ ના ☐

૩. તમે કામકાજ કે પ્રોગ્રામિંગનું પાક્કુ પ્લાનિંગ કરો છો? કામ સમયસર અને વ્યવસ્થિત રીતે પૂરૂં ન થાય તો તમારી નિષ્ફળતાનું દોષારોપણ બીજા પર ઠાલવો છો?
હા ☐ ના ☐

૪. તમારા કનેક્શનમાં આવતા લોકોનું ઉત્તમ પરફોરમન્સ જોયા પછી પ્રશંસા ન કરતા ભૂલો સુધારવા કહો છો?
હા ☐ ના ☐

૫. તમે તમારા કલિગ્સ, કુટુંબના સભ્યોની જરૂરિયાત, સમસ્યા કે લાગણીની પરવા કર્યા વગર એમની પાસે કામ કરાવો છો?
હા ☐ ના ☐

૬. તમને ખબર છે કે તમે ખોટા છો છતાં પોતાને શ્રેષ્ઠ, સાચા સાબિત કરવાની કોશિશ કરો છો?
હા ☐ ના ☐

૭. તમે વધારે પડતું કામ કરો અને બીજા પાસે પણ એવી જ અપેક્ષા રાખીને હંમેશાં અસંતુષ્ટ રહો છો?
હા ☐ ના ☐

૮. પોતે કામ કરતા નથી. તમારી બધી જવાબદારી બીજા પર લાદીને એમની પાસેથી શ્રેષ્ઠ મેળવવાની અપેક્ષા રાખો છો?
હા ☐ ના ☐

૯. તમને એવું લાગે છે કે લોકો પીઠ પાછળ તમારી ટીકા કરે છે?
હા ☐ ના ☐

૧૦. ખૂબ જરૂરી હોવા છતાં નોકરીમાં, ઘરમાં ભવિષ્યની યોજનાઓ, વર્તમાન પરિસ્થિતિની સમસ્યાઓ વિશે કોઈને માહિતગાર નથી કરતા?
હા ☐ ના ☐

સ્કોર બોર્ડ

'હા'માં ✓ (રાઈટ) કરનાર જવાબના ૧૦ માર્કસ ગણવા.

'ના' વાળા જવાબને શૂન્ય (૦) માર્કસ ગણવા.

ટોટલ સરવાળો કરો.

★ ***૦ થી ૩૦ માર્કસ :*** તમે બીજાઓ માટે તાણનું કારણ નથી બનતા. લોકો તમારી સાથે ખૂલીને વાત કરે છે. સહયોગ પણ આપે છે.

★ ***૪૦ થી ૬૦ માર્કસ :*** તમે વ્યવહારિક દૃષ્ટિકોણ ધરાવો છો. પ્રેમાળ છો, માંગવામાં આવે તો જ સલાહ આપો છો.

★ ***૭૦ થી ૧૦૦ માર્કસ :*** તમારી પર્સનાલિટી જ એક તાણભરી છે. તમે હો ત્યાં વાતાવરણ ગંભીર થઈ જાય છે. હાસ્ય થંભી જાય છે. માહોલ પોઝીટીવ નથી રહેતો. વર્તન સુધારો... ફાસ્ટ!!!

***પુણ્યથી જન્મ સુધરે, સદ્‌ગુણોથી જીવન સુધરે,***
***સમાધિભાવથી મરણ સુધરે,***
***પણ હૃદયના 'ભાવ' સુધરે તો ભવોભવ સુધરે.***

# મહિલા વિશ્વ

## સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

*તૃપ્તિબેન મદનભાઈ સાકરીયા – આપણા સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'માં પ્રસિદ્ધ થતી 'સ્વયંસિદ્ધ મહિલા શક્તિ' કૉલમની ઝગમગતી મણિમાલાનું એક સુંદર મોતી.*

*જેમ સોનુ અગ્નિમાં તપીને વધુ ચમકે છે તેમ મુશ્કેલીઓરૂપી અગ્નિમાં તપીને તૃપ્તિબેને પોતાના કુટુંબને જીવનની સોનેરી ક્ષણો આપી છે.*

*ટિફીન સર્વિસ, સ્કૂલમાં શિક્ષિકાની નોકરી, સિલાઈ કામ, પોસ્ટની બચતનું કામ કે એલ.આઈ.સી.નું કામ હોય – દરેક કામ સખત મહેનત માંગી લે અને તે વચ્ચે પતિની આંખમાં કેન્સરની ગાંઠ! એક મધ્યમવર્ગીય પરિવારની સ્ત્રી બધાનો સામનો કરી સ્વયંસિધ્ધા થવાની તાકાત ધરાવે છે. તો ચાલો, આજે પરિસ્થિતિઓને હાર આપનારા તૃપ્તિબેનને રૂબરૂ મળીએ. એમના જીવનની થોડી વાતો એમના મુખેથી સાંભળીએ....*

*– લતાબેન સોલંકી*

### તૃપ્તિબેન મદનભાઈ સાકરીયા

***પ્રશ્ન : જય શ્રીકૃષ્ણ. કેમ છો?***

**જવાબ :** જય શ્રીકૃષ્ણ લતાબેન. એકદમ બરાબર.

***પ્રશ્ન : આપણા 'જ્ઞાતિસેતુ'માં સ્વયંસિદ્ધા મહિલા શક્તિ કોલમ આવે છે, તે તમે વાંચી છે?***

**જવાબ :** હા. લગભગ બધી જ કોલમ વાંચું છું.

***પ્રશ્ન : એ કોલમ અંતર્ગત હું તમારો ઈન્ટરવ્યુ લેવા માગું છું. તો તમે એ માટે તૈયાર છો?***

**જવાબ :** હા, ચોક્કસ.

***પ્રશ્ન : પહેલા તમારો બાયોડેટા જણાવશો. ત્યારબાદ તમારૂં શિક્ષણ, માવતર પક્ષ તેમજ સાસરા પક્ષ વિશે માહિતી આપશો.***

**જવાબ :** મારૂં નામ તૃપ્તિ છે. હું અંજાર નિવાસી જયોતિબેન દિનેશભાઈ પોમલની દીકરી છું. મારી બે નાની બહેનો તેમજ એક નાનો ભાઈ છે. મારા લગ્ન ભુજ નિવાસી દિવાળીબેન જયંતીલાલ સાકરીયાના ત્રીજી નંબરના પુત્ર મદનભાઈ સાકરીયા સાથે થયા છે ને મેં ધોરણ ૧૨ કોમર્સ સુધીનો અભ્યાસ કરેલો છે. મારી બે દીકરીઓ છે. મોટી દીકરીના લગ્ન નડિયાદ થયા છે તેણે એમ.કોમ. સુધીનો અભ્યાસ કરેલો છે અને નાની દીકરી અત્યારે પ્રોફેસર તરીકે જોબ કરે છે.







**પ્રશ્ન : *આપ અત્યારે શું કરો છો?***

**જવાબ :** હું હાલમાં પોસ્ટ નાની બચત તેમજ એલ.આઈ.સી. એજન્ટ તરીકે કામ કરૂં છું.

**પ્રશ્ન : *આ બંને કામ તમે કેટલા સમયથી કરો છો?***

**જવાબ :** હું પોસ્ટનું કામ છેલ્લા ૧૮ વર્ષથી કરૂં છું અને એલ.આઈ.સી.નું કામ છેલ્લા ૧૩ વર્ષથી કરૂં છું.

**પ્રશ્ન : *તમને આ કામ કરવા માટેની પ્રેરણા કોણે આપી?***

**જવાબ :** આ કામ કરવા માટે મને મારા પપ્પાના એક મિત્ર ચંદ્રકાંતભાઈ શાહે સલાહ આપી હતી.

**પ્રશ્ન : *તમે જ્યારે આ કામ શરૂ કર્યું ત્યારે તમને આમાં કેવી મુશ્કેલીઓ પડી અથવા કેવા પ્રયત્નો કરવા પડ્યા કે જેથી તમે આમાં સેટ થઈ શકો?***

**જવાબ :** જ્યારે આ કામ શરૂ કર્યું ત્યારે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. કારણકે આ કામ પૈસાનું હતું. એટલે લોકોનો વિશ્વાસ જીતવો અઘરો પડે. તેથી બે વર્ષ ખૂબ જ ઓછું કામ હતું. પછી ધીમે ધીમે કામ વધતું ગયું અને અત્યારે મારી પાસે પોસ્ટ અને એલ.આઈ.સી. – બંનેનું સારૂં કામ છે.

**પ્રશ્ન : *શરૂઆતમાં ઓછા ખાતા મળતા, બહુ કામ ન હતું તો તમને એ છોડી દેવાનો વિચાર આવ્યો?***

**જવાબ :** ના. છોડી દેવાનો વિચાર તો ક્યારેય નહોતો આવ્યો કારણકે એક તો આ કામ વગર મૂડી રોકાણનું હતું અને બીજું કાકાએ કહ્યું જ હતું કે થોડી ધીરજ રાખવી પડશે અને નક્કી જ કર્યું હતું કે આ ક્ષેત્રમાં જ આગળ વધવું છે. ધીમે ધીમે કામ ચાલુ રાખ્યું અને ૨૦૦૭-૦૮ પછી કામ સારૂં રહ્યું અને તેની વચ્ચે મેં ૨૦૦૬-૦૭ શ્રીજી વિદ્યાલય - માધાપરમાં શિક્ષિકા તરીકેની નોકરી પણ કરી હતી.

**પ્રશ્ન : *તમે પોસ્ટ અને એલ.આઈ.સી.ની સાથે સાથે નોકરી પણ કરતા. તો આ બધું કેવી રીતે મેનેજ કરતા? વળી આ સમયે તમારી દીકરીઓ પણ નાની હતી. તો પરિવાર અને કામ બંનેને કઈ રીતે ન્યાય આપતા?***

**જવાબ :** મેનેજમાં એવું હતું કે મારે બપોરની સ્કૂલ હતી. એટલે સવારે બધું ઘરનું કામ કરીને જતી અને મારા મિસ્ટર ઘરે જ કારીગરીનું કામ કરતા. એટલે બાકીનું પછી એ સંભાળી લેતા. એમનો સાથ મને ખૂબ જ સારો રહેતો. સાંજે આવી અને હું પોસ્ટનું કામ કરતી. ધીરે ધીરે પોસ્ટનું કામ સારૂં એવું વધી ગયું. એટલે જોબ છોડી દીધી.

**પ્રશ્ન : *જોબ કરવાની સાથે સાથે પોસ્ટનું કામ કરવું – તો તમને કઈ મુશ્કેલીઓ આવી અને કોનો સપોર્ટ મળ્યો?***

**જવાબ :** મુશ્કેલીઓ તો ઘણી જ આવી. પણ પહેલો સપોર્ટ મારા મિસ્ટરનો રહ્યો. સાથે સાથે મારા ભાઈ બહેનનો અને અડોશ પડોશના સહયોગના કારણે હું બંને કાર્ય સારી રીતે કરી શકતી હતી.

**પ્રશ્ન : *તમારી આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થઈ ગઈ હોય એવી પરિસ્થિતિ ક્યારે આવી છે ખરી?***

**જવાબ :** હા. ભૂકંપ પછી ખૂબ જ ખરાબ હાલત થઈ ગઈ હતી. એક તો કામ નહીં. બીજું, જાનહાનિ તેમજ માલહાનિ થઈ હતી. અમારા કુટુંબના છ જણ ભૂકંપમાં આવી ગયા હતા. એટલે ત્યારે ખૂબ જ ખરાબ હાલત થઈ ગઈ હતી.

**પ્રશ્ન : *તમારા લગ્ન થયા ત્યારે તમારી અને સર્વિસથી પહેલા તમારા ઘરની પરિસ્થિતિ કેવી હતી?***

**જવાબ :** લગ્ન થયા ત્યારે ઘરની પરિસ્થિતિ ખૂબ જ સારી હતી. ૧૯૯૭માં અમે અલગ થયા. એટલે પોતાના ઉપર ઘરની જવાબદારી આવી. ત્યારથી જ કામ કરવાનું વિચાર્યું. પણ દીકરીઓ સાવ જ નાની હતી. એટલે ઘરમાં જ કામ થાય એવું કામ કરવાનો નિર્ણય કર્યો. એટલે સિલાઈ કામ ચાલુ કર્યું. તે સમયે બે ત્રણ દુકાનોની મચ્છરદાની તેમજ ગાદલાના કવર ઘરે જ સીવતી.

**પ્રશ્ન : *ભૂકંપ આવ્યો અને તમે પોસ્ટનું કામ ૨૦૦૪થી શરૂ કર્યું. તો એની વચ્ચે તમે શું કામ કર્યું?***

**જવાબ :** ભૂકંપ પછી બધું થાળે પડ્યું. બહારથી ઘણા બધા ડોક્ટર આવ્યા હતા. ત્યારે હોસ્પિટલ લાલન કોલેજમાં ચાલુ હતી. તો એ લોકોને જમવાની તકલીફ પડતી. તો એ સમયે અમારા ફેમિલી ડોક્ટરે ટિફીન સર્વિસ શરૂ કરવાનો સુજાવ આપ્યો. તો ત્યારથી ટિફીન સર્વિસ શરૂ કરી અને તેમાં સારી સફળતા મળી. પણ તે જ સમયે મને સાયટીકાનો પ્રોબ્લેમ થયો. એટલે ડોક્ટરે બહુ ઊભા રહેવા માટે ના પાડી. એટલે એ કામ મને છોડવું પડ્યું.

**પ્રશ્ન : *તમે સિલાઈ કામ કરતા તો તમે આર્થિક રીતે કેવો સપોર્ટ કરી શકતા?***

**જવાબ :** આર્થિક એટલે એકની આવકથી ઘર ચાલે ને એકની આવકથી નાની નાની બચત થતી. ક્યારેક સિલાઈ

કામ વધારે આવી જાય તો મારા સિટર પણ સિલાઈ કરાવવામાં મને હેલ્પ કરતા. અમને બંને જણાને એવું હતું કે કામ નાનું મોટું ગમે એ કરવું, પણ ક્યાંયથી રૂપિયા માંગવા નહીં.

**લતાબેન :** *કામ નાનું હોય કે મોટું એ કરવામાં કોઈ શરમ ન હોવી જોઈએ. આ ઉત્તમ વિચાર માટે હું તમારી સાથે સાથે તમારા મિસ્ટરને પણ બિરદાવું છું.*

**પ્રશ્ન :** *એના સિવાય તમારા જીવનમાં બીજા કોઈ સંઘર્ષ આવ્યા છે?*

**જવાબ :** હા. બીજા અનેક સંઘર્ષોનો સામનો મેં કર્યો છે. પરિવારની સ્થિતિ સુધરે એ માટે ૨૦૦૮માં મારા મિસ્ટર સીસલ્સ ગયા હતા. પરંતુ તેમની તબિયત ત્યાં સારી ન રહી. તો નવ મહિનામાં જ તેમને પાછા આવવું પડ્યું. એ દરમિયાન મને મારા મમ્મી-પપ્પા, મારા ભાઈ-બહેન તેમજ પડોશીઓએ ખૂબ જ સપોર્ટ કર્યો. તે સમયે મારા ભાઈ-બહેનોએ મારાથી નાના હોવા છતાં મોટા ભાઈ-બહેન તરીકેની ફરજ નિભાવી હતી.

**પ્રશ્ન :** *તમારા મિસ્ટર સીસલ્સથી પાછા આવ્યા. તે પછી શું કર્યું?*

**જવાબ :** પાછા આવીને સોની કામની જ શરૂઆત કરી. પણ એમને આંખમાં પ્રોબ્લેમ થયો એટલે ૨૦૧૦માં મેઘપરમાં સોનીની દુકાન શરૂ કરી. પણ પછી એમને આંખનો પ્રોબ્લેમ વધતો ગયો અને ૨૦૧૮માં પ્રોબ્લેમ ખૂબ જ વધી ગયો. એટલે દુકાન બંધ કરવી પડી અને હૈદ્રાબાદ ટ્રીટમેન્ટ ચાલુ કરી. પણ એક દિવસ સખત દુઃખાવો થયો અને છેલ્લે આંખ કાઢવી પડી હતી. એ ગાંઠની બાયોપ્સી કરાવતા જણાયું કે એ કેન્સરની ગાંઠ હતી. આંખ કઢાવવાનો નિર્ણય લીધો, એ દિવસ મારી અત્યાર સુધીની જિંદગીનો ખરાબમાં ખરાબ દિવસ હતો.

**પ્રશ્ન :** *આંખના આટલા મોટા પ્રોબ્લેમમાં તમને સૌથી વધારે કોનો સાથ સહકાર મળ્યો?*

**જવાબ :** સૌથી પહેલો સહકાર મને મારી બંને દીકરીઓ તેમજ મારા ભાઈ-બહેનોનો રહ્યો. સાથે સાથે એ સમયે મારી મોટી દીકરીની સગાઈ થઈ ગઈ હતી. તો દીકરા જેવા જમાઇ તેમજ વેવાઈએ ખૂબ જ સહકાર આપ્યો હતો.

**પ્રશ્ન :** *તમારા મિસ્ટરની આંખ કાઢવી પડી તો એમને કેવું લાગ્યું ને તે હવે હાલમાં શું કરે છે? અને તમારી નાની દીકરી હાલમાં શું કરે છે?*

**જવાબ :** મારા મિસ્ટરનો વિલ પાવર ખૂબ જ મજબૂત છે. એટલે બધું સમુનમુ પાર પડી ગયું અને છેલ્લા ત્રણ વર્ષથી સોની અનિલ મગનલાલ એન્ડ કંપનીમાં જોબ કરે છે. નાની દીકરી અત્યારે પ્રોફેસર તરીકે સ્વામિનારાયણ ગર્લ્સ ઈન્સ્ટિટ્યુટ કોલેજમાં જોબ કરે છે. તેણે માસ્ટર ઓફ કોમર્સમાં કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો અને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. હું મારી બંને દીકરીઓની ખૂબ ખૂબ આભારી છું કે તે બંને મારા આખા સફરમાં સતત મારી સાથે ઊભી રહી હતી અને આટલા સંઘર્ષ પછી પણ ભણવામાં ક્યાંય પાછળ પડી ન હતી અને બંને બહેનો ધોરણ ૧૨ પછી સેલ્ફ ડિપેન્ડન્ટ છે અને સાથે ઘરની જવાબદારીઓમાં પણ મદદરૂપ છે.

**લતાબેન :** *તમે જે તક આવી એને ઝડપી છે એમ હું માનું છું. જ્યારે જરૂર હતી ત્યારે તમે શિક્ષિકાની નોકરી પણ કરી પછી એમ થયું કે એલ.આઈ.સી. પોસ્ટનું કામ મારા માટે સારૂં છે તો એ પણ કર્યું. બીજા નાના મોટા કામ કર્યા. એટલે તમે ખાલી પૈસાને મહત્ત્વ નથી આપ્યું, ફેમિલીને પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે. તમે એક માતા તરીકે, એક પત્ની તરીકે ખૂબ જ સારી રીતે કામ કર્યું છે અને સમાજ સાથે પણ સારી રીતે જોડાયેલા છો.*

**પ્રશ્ન :** *આ સિવાય બીજે ક્યાંય તમે જોડાયેલા છો?*

**જવાબ :** હા. હું ૨૦૧૫થી યોગ સાથે પણ જોડાયેલી છું. મેં ગુજરાત યોગ બોર્ડની યોગ શિક્ષક તરીકેની પરીક્ષા પણ પાસ કરેલી છે અને નિયમિત યોગ ક્લાસ ચલાવું છું. યોગનું કામ કમાવાની દૃષ્ટિથી નથી કરતી. યોગથી જીવનમાં ખૂબ જ ફાયદા થાય છે એ મેં પોતે જાતે અનુભવ્યું છે. આટલી બધી મુશ્કેલીઓમાં પણ ટકી રહેવાનું મુખ્ય કારણ યોગ અને મેડિટેશન જ છે.

**પ્રશ્ન :** *તમારી દીકરી પ્રોફેસર છે. હજી વધારે આગળ કંઈ ભણવાની ઈચ્છા ખરી?*

**જવાબ :** હા. જોબની સાથે સાથે એ હાલમાં પીએચ.ડી. પણ કરે છે.

**પ્રશ્ન :** *તમારા એલ.આઈ.સી. અને પોસ્ટના ખાતામાં દર વર્ષે કેટલી વૃદ્ધિ થતી હોય છે?*

**જવાબ :** એવું કંઈ નક્કી નથી હોતું. એલ.આઈ.સી.માં તો

ટાર્ગેટ હોય તો પૂરા કરવા જ પડે. પોસ્ટનું તો દર મહિને દસ પંદર હજારના નવા ખાતા મળી જ રહે છે.

***પ્રશ્ન : તમે આટલું કામ કર્યું તો તમે એની સાથે સામાજીક પ્રસંગો કે વ્યવહારો કઈ રીતે સાચવ્યા?***

***જવાબ :*** મેં આ પોસ્ટ અને એલ.આઈ.સી.નું કામ એટલે જ પસંદ કર્યું કે હું મારા ટાઈમે જ્યારે કરવું હોય ત્યારે કરી શકું. કોઈ ટાઈમ ફિક્સ ન હોય એટલે જ કંઈ પણ બીજું કામ હોય, પ્રસંગ હોય તો એ દિવસે આ કામ નહીં કરવાનું અને મારા કસ્ટમર પણ એટલા જ સારા છે કે મારા ઘરનો પ્રસંગ હોય કે કંઈ પણ હોય તો પૂરેપૂરો સહકાર આપે. જોબ મુકવાનું મુખ્ય કારણ હતું બંધન.

***પ્રશ્ન : હવે તમે તમારૂં આ કામ વધારે ડેવલપ કરવા માટે શું કરશો?***

***જવાબ :*** આ કામ કરવા માટે મેઈન તો કસ્ટમરને જેમ બને તેમ સારી સર્વિસ આપી વધારેમાં વધારે લોકોને મળતા રહેવું. જેટલી સર્વિસ સારી આપીશ, એટલું જ કામ વધવાનું છે અને વધે પણ છે.

***પ્રશ્ન : ગ્રાહકોને સંતોષ થાય એ માટે કયા પગલા લેવા પડે છે?***

***જવાબ :*** ગ્રાહકોને સંતોષ થાય એ માટે ખાસ તો પૈસા પાકે ત્યારે જેમ બને એમ જલ્દી ઉપાડી દેવા. તે લોકોને કોઈ પણ મુશ્કેલીઓ હોય તો તેનું નિરાકરણ કરવું. પૈસા ક્યાં અને કેવી રીતે ઈન્વેસ્ટ કરવા એ માટેની માહિતી આપવી. આ કામ એક સ્ટેટસવાળું અને વિશ્વાસનું કામ છે. અને વિશ્વાસ લોકોને ત્યારે જ આવે, જ્યારે તમે સર્વિસ સારી આપી શકો. પહેલા તો સો રૂપિયાનું ખાતું પણ નહોતું મળતું, જ્યારે આજે એક જ પાર્ટીના ૩૦,૦૦૦ રૂપિયાના ખાતા મારી પાસે છે, જે વાતનો મને ગર્વ છે.

***પ્રશ્ન : તમે બીજા એવા કેટલા બહેનોને ઊભા કર્યા આ કામ માટે?***

***જવાબ :*** આ કામ કરવા માટે મેં થોડી બહેનોને સલાહ આપી હતી. જે તેમણે અમલ કરી અને એજન્સી લીધેલ છે.

***પ્રશ્ન : તમને પોસ્ટના ખાતાનું કામ નાતમાંથી વધારે મળે છે કે બહારથી?***

***જવાબ :*** પોસ્ટના ખાતા અને એલ.આઈ.સી.નું કામ નાતમાંથી મળેલ છે પરંતુ તેનાથી વધારે બહારથી મળે છે. આ તબક્કે હું સમાજને એટલું ચોક્કસ કહીશ કે જો તેઓ નાતની બહેનોને વધારે કામ આપીને પ્રોત્સાહન પૂરૂં પાડે તો બહેનો આગળ વધારે આવી શકે અને આપણી આ કોલમ સ્વયંસિદ્ધા મહિલા શક્તિનો અર્થ સાર્થક બની શકે.

***પ્રશ્ન : તમે ઘણો સંઘર્ષ કર્યો છે. હવે ઘર તમારૂં પોતાનું છે?***

***જવાબ :*** હા. ૨૦૦૫માં જ મેં પોતાનું ઘર લીધેલ હતું.

***લતાબેન : તમારી આ સંઘર્ષભરી ગાથા જેમ કે છોકરીઓ નાની, મિસ્ટર સિસલ્સ ગયા, આંખનો પ્રોબ્લેમ તેમજ આવા સમયમાં પણ બંને દીકરીઓને ભણાવી અને મોટી દીકરીના લગ્ન કરી આ બધું સારી રીતે પાર પાડ્યું એ પાછળ તમારા ચારેયની મહેનત છે.***

***'જ્ઞાતિસેતુ'ની આખી ટીમ તમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. સહ આશિષ તમારૂં કામ દિન પ્રતિદિન વધતું રહે એવી શુભેચ્છા.***

## પાંગરતી પ્રતિભાઓ



**દર્શના ભરતભાઈ સોની**
D.I.E.T. કોલેજ - ભુજ
B.Ed. : 92.12%



**Reema Madanbhai Sakariya**
**Bhuj**
M.Com. Gold Medalist 2020 from Kutch University.



**મહેક પ્રકાશભાઈ બારમેડા**
**કેશોદ**
S.S.C. ની પરીક્ષા
૮૯.૨૪% પર્સેન્ટાઇલથી પાસ કરેલ છે.



**જૈમિની કલ્પેશકુમાર સોની**
**મમાયમોરા**
ધોરણ-૧૧
ગુણ : ૬૭૫/૭૦૦
ટકા : ૯૬.૪૩%

## યુવા પ્રતિભા

# વાત – રવાપરની પ્રતિભાશાળી “ધારા”ની

પ્રા. જીનલ જીગર પરમાર






તાજેતરમાં યોજાયેલ કચ્છ યુનિવર્સિટીના ૧૧મા પદવીદાન સમારોહમાં આપણા સમાજની – રવાપરના રવજીભાઈ તેમજ જશોદાબેન બારમેડાની પુત્રી ધારા બારમેડાએ M.Ed. માં ૮૮.૯૪% સાથે ‘O’ ગ્રેડ મેળવી સમગ્ર યુનિ.માં પ્રથમ નંબર સાથે માનનીય શ્રી રાજ્યપાલ અને રાજ્ય શિક્ષણમંત્રીની પરોક્ષ હાજરી તેમજ વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ એવા ડૉ. નીમાબેન આચાર્ય, કુલપતિ, કુલસચિવની પ્રત્યક્ષ હાજરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો, જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

ક્યાંક સાંભળ્યું છે કે, “જેનો પરસેવો મહેકે, એને શું અત્તર બત્તર?” આપણા સમાજની આ પ્રતિભાશાળી ધારાએ પોતાના સંઘર્ષ, પોતાની સિદ્ધિ અને પોતાની પ્રતિભાથી ચોતરફ મહેક પ્રસરાવી છે. ઘણા વિદ્યાર્થીઓ ઘરઆંગણે શૈક્ષણિક સગવડોના અભાવના કારણે ભણવાનું છોડી દેતા હોય છે. એવા વિદ્યાર્થીઓ માટે ધારાએ અનોખું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. કેમકે તેણીએ રવાપરથી ભુજ રોજ અપ-ડાઉનની સાથે સાથે રાત્રે આવીને ટ્યુશન લેવું – આ બધાની સાથે પણ તેણે અનોખા ટાઈમ મેનેજમેન્ટ સાથે આ સિદ્ધિ હાંસલ કરી છે.

આપણે સૌ સામાજીક પ્રાણી છીએ અને સામાજીક પ્રસંગો કાંઈ આપણી નવરાશની પળે જ આવે એવું જરૂરી નથી. ધારા સાથે પણ કંઈક આવું જ બન્યું. ચાલુ પરીક્ષાએ સગપણ નક્કી થયું. છતાં મંઝીલને આડે ધારા માટે એ બાધારૂપ ન બન્યું.

અગવડતા, મુશ્કેલીઓ સામે વ્યક્તિ તો જ લડી શકે, જો ઘરમાંથી પૂરતું પીઠબળ મળે. ધારાને તેના માતા-પિતાએ લડવા માટે ખુલ્લું આસમાન આપ્યું. તો મોટી બહેનો (વર્ષા, દક્ષા, દીપા, નેહા) અને ભાઈ (વિશાલ)એ પણ પૂરતું પ્રોત્સાહન આપ્યું.

મૂળ રવાપરની અને હાલે નખત્રાણા રહેતી ધારા ખાનગી શાળામાં કોમર્સના શિક્ષક તરીકેની ફરજ બજાવે છે. ભવિષ્યમાં Ph.D. કરી શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી બનાવવાની નેમ ધરાવે છે.

ધારા પર મા સરસ્વતીની કૃપા હોય એમ B.Ed. માં પણ ૯૨.૩૦% સાથે કચ્છ યુનિ.માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે અને બારમેડા પરિવાર વતી બે વખત સિલ્વર મેડલથી પણ સન્માનિત થયેલ છે. મા સરસ્વતીની કૃપા એટલા માટે લખ્યું, કે ધારા ફક્ત ભણવામાં જ આગળ નથી. એની પ્રતિભા ફક્ત ડિગ્રીના સર્ટિફીકેટ પર છપાયેલી નથી. એની પ્રતિભા લેખન કૌશલ્યમાં પણ આગવું સ્થાન ધરાવે છે અને એટલે જ અત્યાર સુધી મળેલી અન્ય સિધ્ધિઓ જોઈએ તો –

૧. ૩૨૦૦ મીટર (૧૨૦૦૦ ફૂટ)ની ઊંચાઈ પર હિમાલય ટ્રેકિંગનો લહાવો મળ્યો. આ ટ્રેકિંગ માટે તેઓને ત્રણ રાઉન્ડ (નિબંધ લેખન, જૂથ ચર્ચા, પ્રોજેક્ટ કાર્ય)માં સફળ થઇ વિનામૂલ્યે ટ્રેકિંગનો લાભ મળેલ.
૨. રોટરી ક્લબ - અમદાવાદ દ્વારા પ્રથમ લખાયેલ વાર્તા ‘અમાનત’ને રૂા. ૨,૦૦૦/-નું ઈનામ પ્રાપ્ત થયેલ.
૩. યુવા ઉત્સવની તાલુકા - જિલ્લા ઝોન અને છેક રાજ્ય કક્ષાની નિબંધ તેમજ કવિતા લેખનમાં અનેકવાર નંબર પ્રાપ્ત કરેલ છે.
૪. રાજ્યકક્ષાની નિબંધ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં તૃતીય નંબર મેળવેલ છે.

૫. તાજેતરમાં યોજાયેલ કવિતા લેખન સ્પર્ધામાં કચ્છમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી રૂા. ૧,૦૦૦/-નું રોકડ પુરસ્કાર મેળવેલ છે.
૬. તેમના દ્વારા લખાતા લેખ 'જ્ઞાતિસેતુ' ઉપરાંત 'કચ્છમિત્ર'માં પણ સ્થાન પામેલ છે.
૭. કોરોના લોકડાઉનમાં સોની સમાજ દ્વારા યોજાયેલ ઓનલાઈન વોલ પીસ સ્પર્ધા, મટકી શણગાર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, યોગ સ્પર્ધા, જનરલ નોલેજ સ્પર્ધા વગેરેમાં નંબરો પ્રાપ્ત કરેલ છે.
૮. તેઓ કવિતા, વાર્તા, લઘુકથા, લેખ લખવાનો શોખ ધરાવે છે. આ ઉપરાંત તેમણે ૪૦,૦૦૦ શબ્દોની એક નવલકથા પણ લખેલ છે.
૯. તેઓએ કવિતા નિબંધ લખવા માટે અમદાવાદ, ભીલોડા, અમરેલી, ખેડબ્રહ્મા ખાતે કચ્છનું પ્રતિનિધિત્વ કરેલ છે.
૧૦. રવાપર ગામની સૌથી વધારે ભણેલી દીકરી તરીકે ગામની પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદનનો લહાવો ઉપરાંત પશ્ચિમ કચ્છની કર્મયોગી મહિલા શક્તિના 'જ્ઞાતિસેતુ'ના વિશેષ અંકમાં સ્થાન મેળવેલ છે.

અન્ય માટે પ્રેરક વ્યક્તિ ધારા હંમેશાં આગળ વધતી રહે એવી જ્ઞાતિસેતુ પરિવાર તેમજ સમગ્ર સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન સહ શુભ કામનાઓ.

## યુવા પ્રતિભા : SEA WARRIOR

*– મહેશકુમાર કટ્ટા - મમાય મોરા (તા. માંડવી)*

***"समंदर की तरह है मेरी पहचान***
***उपर से खामोश अंदर है तुफान।"***

ઉપરોક્ત પંક્તિને કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના નાનકડા ગામ મમાયમોરામાં રહેતા અને મધ્યમ પરિવારમાં જન્મેલા શ્રી રીષીત મહેશકુમાર કટ્ટાએ સિધ્ધ કરી બતાવ્યું છે. તેમણે બાળપણમાં સરકારી ઓફિસર કે શિક્ષક બનવાનું સપનું જોયેલું. પોતાના સપનાને સાકાર કરવા માટે કચ્છમાં જ M.A., B.Ed. ની ડિગ્રી સુધીનો અભ્યાસ કર્યો. ***"हिम्मते मर्दा, मददे खुदा"*** કઠિન મહેનતના અંતે ભગવાન તેમના ઉપર મહેરબાન થયા. તેઓ Indian Coast Guard માં પસંદગી પામ્યા.

Indian Coast Guard એ ભારત સરકારના રક્ષા મંત્રાલયની અંદર આવતી સેના છે. તેમના માતા-પિતા અને પરિવારને જેટલા ધન્યવાદ આપો એટલા ઓછા છે કારણકે તેમણે પોતાના એકના એક દીકરાને મા ભારતીની સેવા કરવા માટેની ઉજ્જવળ તક અને પ્રોત્સાહન પૂરૂં પાડી, પરવાનગી આપી. તેમણે ટુંકા સમયગાળાની અંદર Indian Coast Guard માં સારી એવી સિદ્ધિ હાંસલ કરી છે.

ભારત સરકારના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત Indian Coast Guard ની શિપનું નિર્માણ ભારતની અંદર કરવામાં આવ્યું હતું. આવી એક Indian Coast Guard ની શિપમાં તેઓ 'કમિશનિંગ ક્રૂ' તરીકે રહ્યા છે. તેમનું નામ તે શિપની નેમપ્લેટ ઉપર સુવર્ણ અક્ષરે કંડારવામાં આવ્યું છે.

Indian Coast Guard અને ગુજરાત A.T.S. દ્વારા અરબ સાગરમાં એક સંયુક્ત ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં ૫૬ કિ.ગ્રા. ડ્રગ્સ સાથે ૯ પાકિસ્તાનીઓને પકડવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં તેઓ ક્રૂ મેમ્બર તરીકે





સેવામાં રહ્યા હતા. આ ઓપરેશનને સફળ બનાવવામાં તેઓએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી. તેમણે નાની વયે પોતાના માતા-પિતા અને પરિવારનું નામ રોશન કરેલ છે અને હજુ વધુ સક્રિય રીતે પોતાની સેવા આપવા તત્પર છે અને સતત મહેનત કરી રહ્યા છે. તેઓ હાલ નલીયા ખાતે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે.

છેલ્લે તેઓ સોહનલાલ દ્વિવેદીની પંક્તિ યાદ કરતા કહે છે કેઃ

***"लहरों से डरकर नौका पार नहीं होती,***
***कोशिश करनेवालों की कभी हार नहीं होती।"***
*– सोहनलाल द्विवेदी*

*'કમ ખાઓ' : શરીર સ્વસ્થ.*
*ગમ ખાઓ : જીવન સ્વસ્થ ● નમ જાઓ : પરિવાર સ્વસ્થ*

# શબ્દબાગ

## શબ્દ બાગ

લતાબેન સોલંકી

### રક્ષાબંધન



રક્ષા બંધનનો દિવસ હતો. મૈત્રીએ પૂર્ણ તૈયારીઓ કરી લીધી હતી. નાના નાના હાથ વડે રાખડી બનાવી હતી. આરતીની થાળી તૈયાર કરી લીધી હતી. આ વખતે પર્વ પાસેથી શું ભેટ લેવી તે પણ નક્કી કરી લીધું હતું. મનમાં ને મનમાં બોલી, 'ભાઈ પાસેથી ઘણાં જ રમકડાં અને ઘણી બધી ચોકલેટ લઈશ...'

પર્વ રાખડી બંધાવવા આવ્યો. પ્રેમથી મૈત્રીએ રાખડી બાંધી. પર્વએ મૈત્રીને એક કવર આપ્યું. મૈત્રીનો ચહેરો ઉતરી ગયો. મેં તો શું શું વિચાર્યું હતું, ભાઈ પાસે આ માંગીશ. પણ ભાઈ તો જો, ખાલી એક કવર જ આપ્યું.

ત્યાં પર્વ બોલ્યો : 'કવર તો ખોલ મૈત્રી.'

મૈત્રીએ કવર ખોલ્યું. એમાં એક ચિઠ્ઠી હતી...

"મારી નાની બહેનને મારો આખા વર્ષનો પ્રેમ ભેટમાં આપું છું...

તારો મિત્ર બની તને ફરવા લઈ જઈશ.

શિક્ષક બની શિક્ષા આપીશ.

તારા બધા સપનાઓ પૂરા કરીશ...

ભાઈ તરીકે તારી રક્ષા કરીશ..."

મૈત્રી આ વાંચીને રડી પડી. પર્વએ ધીરેથી આવીને કહ્યું, મૈત્રી, મને તારે એક દિવસની ભેટ આપીને ખુશ નથી કરવી. પરંતુ કાયમ માટે તને ખુશ જોવી છે. એટલે મને તારી રક્ષા, એ સૌથી મોટી ભેટ છે મારા માટે...

આજે મૈત્રી સાચા અર્થમાં "રક્ષા બંધન"નો અર્થ સમજી ગઈ હતી.

*– ક્રિષ્ણાબેન સોની*

### આપણો તહેવાર – જન્માષ્ટમી વિશે જાણવા જેવું

જન્માષ્ટમી કૃષ્ણના જન્મ દિવસ નિમિત્તે શ્રાવણ વદ આઠમ તિથિ (કૃષ્ણ પક્ષ)ના દિવસે ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેને કૃષ્ણ જન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે. આ વાર્ષિક હિંદુ તહેવાર વિષ્ણુના આઠમા અવતાર શ્રીકૃષ્ણના જન્મ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે ગ્રેગોરીયન પંચાંગ પ્રમાણેના ઓગસ્ટ કે સપ્ટેમ્બર માસમાં આ તહેવાર આવે છે. દ્વારકા અને મથુરા સહિત વિશ્વભરનાં કૃષ્ણ મંદિરોમાં જન્માષ્ટમીની રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી તથા આરતી - પૂજાના કાર્યક્રમો હોય છે.

*– ક્રિષ્ણાબેન સોની*

### વરસાદના વાવડ

તું વરસાદના વાવડ થઈ આવે ને,
હું કોરી આંખોમાં વાદળ આંજુ.
    તું ઝીણા ઝરમર તારી પાઘડીએ ઝીલે,
    હું લહેરાતા પાલવમાં વીજળી બાંધું.
તું નૈન ભરી ભરીને પી વાદળનો આશવ,
હું રોમરોમમાં મેઘ ધનુષી મસ્તી સાંધુ.
    તું રેશમી છાંટાના ઝીણા વાઘા પહેરે,
    હું શ્યામ અલક લટોમાં માટીની ખુશ્બુ ગુંથું.
તું તેજીલો તોખાર પવન થઈ રૂંવે રૂંવે સળગે,
હું મદમસ્ત કરા બનીને નસ નસને બાળું.
    તું રાતી આંખોમાં ગરજાવ ગાજણ,
    હું કાગળની નાવ થઈ તૃપ્ત ધરાને ચુમું.
તું આખા આયખાને શ્રાવણિયો સમજે,
હું સ્વને અષાઢી ધીંગી ધારમાં શોધું.
    તું વરસાદના વાવડ થઈ આવે ને,
    હું કોરી આંખોમાં વાદળ આંજુ.

*– લતા સોલંકી*

*પશ્ચિમ તરફ જ ખૂલતી મારા મકાનની બારીને મેં બંધ કરાવી દીધી અને પૂર્વ તરફ ખૂલતી કરી દીધી. ચમત્કાર અનુભવાયો. સૂર્યાસ્તનાં જ દર્શન થતા હતા એ બંધ થઈ ગયા અને સૂર્યોદયનાં દર્શન શરૂ થયા.*

*નકારાત્મક અભિગમથી ઘેરાયેલ મનને મુક્ત કરીને હકારાત્મક અભિગમવાળું બનાવી દીધું. ઉદાસીનું સ્થાન પ્રસન્નતાએ લઈ લીધું!*

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum
Pure for Sure

## PRADEEP AGENCIES
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

સોની નરેશ દામજીભાઈ



સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

## પાર્થ જ્વેલર્સ

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

## Macken Jeweller's
## Macken Gift
## Vipul Wooden Art.
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117

## M/s. Soni Ramniklal Nanalal
*Retailer of Gold and Silver Ornaments*

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108

## M/s. Mahalaxmi Jewellers
*Wholesale of Gold Ornaments*

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com

## V P Jewellers

## વી.પી.જ્વેલર્સ
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઇ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠ્ઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

*Er. Ghanshyam Soni*
B. E. Civil
M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in


*Let's Live Better...*

## HI-RISE
CONSULTANT



- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer

Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)



Ishwarbhai Soni
99989 71613

Jitendrabhai Soni
98982 39583

## Shree Radhe Jewellers

**Makers and Salers of**
**Gold & Silver Ornaments**

12 Mtr Road, Kansara Bazar,
Ganga Bazar, Anjar, Kutch

કિશોર પી. સોની
9825271912


જીત કે. સોની
9099939143

KP

## મે. સોની કિશોર પ્રેમજી
## કે. પી. જ્વેલર્સ
ડાયમંડ | ગોલ્ડ | સિલ્વર

હોસ્પિટલ રોડ, ડો. દિલ્હીવાલા બિલ્ડીંગ, જી.ઈ.બી.ની સામે, ભુજ-કચ્છ.
02832 255162 99093 55162 kpjewellers916@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00